
### વાડીમાં આવેલ કુવામાં ખાબકયુ

# જાફરાબાદ : ચિત્રાસર ગામે બાળ દીપડો કુવામાં પડી જતાં રેસ્કયુ

## વન વિભાગે બહાર કાઢી પાંજરે પુર્યુ



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં વન્ય પશુઓ કુવામાં પડી જવાના અનેક બનાવો બનતાં હોય જેને લઈ વન વિભાગને સતત દોડધામ રહેતી હોય છે. થોડા દિવસ પહેલાં લીલીયા તાલુકાના કણકોટ ગામે ખુલ્લા કુવામાં સિંહ બાળ પડી જતાં આ સિંહ બાળનું મૃત્યુ નિપજેલ હતું. ત્યારે આજે જાફરાબાદના ચિત્રાસર ગામે દીપડાનું બચ્ચું કૂવામાં ખાબકયુ હોય વન વિભાગ દ્વારા તાત્કાલિક રેસ્કયુ કરી દીપડાના બચ્ચાને સહી સલામત બહાર કાઢી બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ છે.

આ બનાવમાં જાફરાબાદ વન વિભાગના અધિકારી દ્વારા જણાવ્યાં અનુસાર જાફરાબાદના તાલુકાના ટીંબી રાઉન્ડના ચિત્રાસર ગામે આવેલ જીલુભાઈ રામભાઈ ડોડિયાની વાડીના કૂવામાં આશરે ૧ વર્ષની ઉંમરનું દીપડાનું બચ્ચું પડી ગયું હતું. આ અંગે વાડી માલિકને જાણ થતાં તેઓ ધ્વારા આ બનવાની જાણ વનવિભાગને કરવામાં આવેલ હતી.

આ બનવાની જાણ થતાં જ જાફરાબાદ વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ અને આ કુવામાં પડી ગયેલ દીપડાના બચ્ચાને બચાવવા વનવિભાગે રેસ્કયુ ઓપરેશન શરૂ કરેલ. જેમાં પ્રથમ દીપડાનું બચ્ચુ પાણીમાં ડૂબી ના જાય તે માટે થઈ કુવામાં ખાટલો ઉતારેલ હતું. દીપડાનું બચ્ચું ખાટલામાં સહી સલામત આવ્યા બાદ આ બચ્ચાને પાંજરે પૂરી અને દીપડાના બચ્ચાને સહી સલામત બહાર કાઢવામાં વનવિભાગને સફળતા મળ્યાં બાદ તે બચ્ચાંને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ છે.

### હોસ્પિટલ ખાતે મૃતકનાં પરિવારજનોએ હોબાળો મચાવ્યો

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં બરવાળા ગામની પરિણીતાનું સારવાર દરમિયાન મોત થયુ

## પરિવારજનોએ ડોકટરની બેદરકારીથી મોત થયાનો કર્યો આક્ષેપ





અમરેલી, તા. ૨૦

બોટાદ જિલ્લાનાં બરવાળા ગામે રહેતી ભનુબેન હરેશભાઈ મણદૂરિયા નામની ૩૯ વર્ષિય પરિણીતાને કોથળીનાં ઓપરેશન માટે અમરેલીની સરકારી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતી.

ત્યારે ગત તા. ૧૬નાં રોજ તેણીનું કોથળીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગઈકાલે તેણીનું સારવાર દરમિયાન મોત નિપજતા મૃતક પરિવારનાં પરિવાર દદમિયાન ડોકટરની બેદરકારીનાં કારણે તેણીનું મોત નિપજયાનો આક્ષેપ કરી પરિણીતાનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા મામલો ગરમાયો હતો.

આ અંગે પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું કે મૃતક પરિણીતાનું પોસ્ટમોર્ટમ અમરેલી ખાતે કરાયા બાદ હવે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને ભાવનગર ખસેડવામાં આવેલ છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ અમરેલી સીટી પોલીસે આ બનાવમાં અમોત દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

બનાવ બાદ પરિવારજનોએ હોબાળો મચાવીને ગંભીર આક્ષેપો કર્યા હતા.

### શહેરમાં બની રહેલ માર્ગોનું કામ શરૂઆતથી જ વિવાદાસ્પદ

# અમરેલીમાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ ચિતલ રોડમાં સર્પાકારે તિરાડ પડી જતાં આશ્ચર્ય

## જો કે માર્ગ–મકાન વિભાગે ટેકનીકલ કારણોસર તિરાડ પડયાનું જણાવ્યું



અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરમાં ચિતલ રોડ, લાઠી રોડનું નવિનીકરણ કરવામાં આવી રહ્યું છે અને જયારથી કામગીરી શરૂ થઈ છે ત્યારથી અવનવા વિવાદો પણ સામે આવી રહ્યા છે.

દરમિયાનમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં ૧૦ કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલ ચિતલ રોડ ઉપર એરપોર્ટની આગળની બાજુએ સર્પાકારે તિરાડ પડી જતાં આશ્ચર્ય ફેલાયું છે.

જો કે આ અંગે માર્ગ–મકાન વિભાગનું કહેવું છે કે માર્ગમાં તિરાડ પડવામાં કોઈ ગેરરીતિનું કારણ નથી. નીચે ભૂગર્ભ ગટર બનેલ બે કિ.મી.નાં માર્ગમાં માત્ર ૫૦ ફૂટ જેટલી તિરાડ નીચેની જમીન પોચી પડી જતાં પડી ગયાનું પ્રાથમિક તપાસમાં આવેલ છે અને આગામી કલાકોમાં પૂનઃ તેટલો ભાગ તોડીને મજબુતીથી કામ પૂર્ણ કરાશે.

### પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાનાં નેતૃત્વમાં

# અમરેલી નાગરિક સહકારી બેન્કનાં ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ ચુંટાયા

## ચેરમેન તરીકે વનરાજ પટેલ અને વાઈસ ચેરમેન પદે કમલેશ ગરણીયા



અમરેલી, તા. ૨૦

અમરેલી નાગરિક સહકારી બેંકની ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણીમાં પી.પી. સોજીત્રા જેવા વ્યકિત સમાજમાં એકતા, સમરસતા અને નિરપક્ષ નેતૃત્વનું જીવંત ઉદાહરણ સાબિત થયા છે. તેમણે હાલમાં બેંકની ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં તેમની પારદર્શક કાર્યશૈલી, દ્રઢ પ્રેરણાશકિત અને સૌને સાથે લઈને ચાલવાની ભાવના સમાજને માટે પ્રેરણાસ્રોત બની છે. પી.પી. સોજીત્રાએ સંપુર્ણ ભેદભાવને અવગણીને ચેરમેન પદે વનરાજભાઈ કે. પટેલ તથા વાઈસ ચેરમેન પદે કમલેશભાઈ એસ. ગરણીયાને બિન હરીફ ચુંટાવ્યા છે. આ તકે ચેરમેન પદે વરણી થયેલ વનરાજભાઈ કે. પટેલ અને વાઈસ ચેરમેન કમલેશભાઈ એસ. ગરણીયાએ તમામ બોર્ડ ઓફ ડીરેકટરોનો આભાર માની પોતાને સોંપવામાં આવેલ જવાબદારીમાં નિષ્ઠાપૂર્વક વહન કરી બેંકના સભાસદો અને બેંક સાથે સંકળાયેલ ગ્રાહકોને વધુ સારી સુવીધા મળી રહે તે માટે પ્રયત્નશીલ રહેશે તેવી ખાત્રી આપેલ છે એમ બેંકના સી.ઈ.ઓ. દિલીપ વી. ધોરાજીયા અને મેનેજર સંજય એ. રાજપરાની યાદીમાં જણાવેલ છે.

### પંચ પરિવર્તનનાં સંકલ્પ સાથે

# બાબરા ખાતે આગામી ૨૮ ફેબ્રુઆરીએ ભવ્ય હિન્દુ સંમેલનનું આયોજન

## પૂ. ઘનશ્યામબાપુનાં અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેર અને તાલુકાના હિન્દુ સમાજને સંગઠિત કરવાના ઉમદા હેતુ સાથે આગામી તારીખ ૨૮ ફેબ્રુઆરીના રોજ એક ભવ્ય અને દિવ્ય 'હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. સનાતન હિન્દુ સંમેલન સમિતિ–બાબરા દ્વારા આયોજિત આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે તાપડીયા આશ્રમ ખાતે મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુના અધ્યક્ષસ્થાને હિન્દુ સનાતન ધર્મના અગ્રણીઓની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં બાબરા શહેર અને તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી ઉત્સાહ દર્શાવ્યો હતો. આ સંમેલનનો મુખ્ય હેતુ 'પંચ પરિવર્તન' છે, જેમાં પર્યાવરણ જાળવણી, સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, સ્વદેશી ભાવ જાગરણ અને નાગરિક કર્તવ્ય જેવા પાયાના વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવશે તેવું સમિતિના અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

આગામી ૨૮ ફેબ્રુઆરી શનિવારના રોજ બપોરે ૨ઃ૩૦ કલાકે અમરેલી રોડ પર જલારામ મંદિર પાસેથી સંતોના ભવ્ય સામૈયા સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે. જે બાદ રાજકોટ–ભાવનગર હાઈવે પર આવેલા શ્રી તાપડીયા આશ્રમ ખાતે વિશાળ ધર્મસભા યોજાશે. આ દિવ્ય સંમેલનમાં પૂજય ઘનશ્યામદાસ બાપુના આશીર્વાદ સાથે પ.પૂ. દેવકીનંદનદાસજી બાપુ, પૂજય રાજુબાપુ (ગેબી વિસામો), પૂજય ભાવેશગીરીબાપુ (નિલકંઠ મહાદેવ), પૂજય સર્વમંગલદાસ સ્વામી (સ્વામિનારાયણ મંદિર) સહિતના અનેક સાધુ–સંતો અને મહંતો વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. બપોરે ૨ઃ૩૦ થી સાંજના ૭ઃ૦૦ વાગ્યા સુધી ચાલનારા આ સંમેલન બાદ તમામ ભકતો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સનાતન હિન્દુ સંમેલન સમિતિ દ્વારા બાબરા પંથકના તમામ હિન્દુ ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય આયોજનમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા ભાવભર્યુ આહવાન કરવામાં આવ્યું છે.

### કંપનીએ ખેંચેલ ટ્રકની ચોરી

# અમરેલીનાં પાર્કિંગ યાર્ડમાંથી ૫ લાખની કિંમતનાં ટ્રકની ચોરી

અમરેલી, તા. ૨૦

બાબરા ગામે રહેતાં શ્યામ હીંમતભાઈ તેરૈયા નામનાં આરોપીએ અમરેલી બ્રાહ્મણ સોસાયટી જય યોગેર નગરમાં રહેતાં અનિરૂદ્ધસિંહ વજેસિંહ ગોહીલના કબ્જાવાળા અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામ જય દ્વારકાધીશ પાર્કીંગ યાર્ડમાં ગત તા. ૧૯ના બપોરનાં ૧ઃ૩૦ વાગ્યે ગેરકાયદેસર પ્રવેશ કરી અને ચોકીદાર લાલભાઈની નજર ચુકવી જય દ્વારકાધીશ પાર્કીંગ યાર્ડમાં રાખેલ અને કંપનીએ ખેંચેલ ટ્રક નં. જી.જે.–૧૪ ઝેડ–૭૦૯૫ કિંમત રૂપિયા ૫ લાખનો ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# દામનગરમાં શાળા આસપાસ ગંદકી ફેકવાનું બંધ કરવુ જરૂરી



દામનગર, તા. ૨૦, દામનગર નગરપાલિકા દ્વારા પ્રાથમિક શાળા નંબર ૧ની દીવાલને અડીને આવેલ શાકભાજીના થડાની બાજુમાં, પે એન્ડ યુઝ ટોઈલેટની નજીક મુકવામાં આવેલ બોર્ડની બાજુમાં કચરાની પેટી આસપાસ કચરો ફેલાતો રહેતો હોય. નજીકમાં આવેલ બે પ્રાથમિક શાળાઓ અને જાહેર માર્ગ હોવાથી આરોગ્ય ઉપર અસર પડી શકે..!! સ્થાનિક તંત્રને સહકાર આપવામા આવે તો કરવામાં આવતો ખર્ચ સફળ થાય..!!

### ધોરણ–૧૦ અને ૧૨ના બોર્ડ પરીક્ષાર્થીઓ માટે

# શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલ ખાતે મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

## ચિંતામુકત થઇ પરીક્ષા આપે તેવા ઉદ્દેશથી સેમિનાર યોજાયો





અમરેલી, તા. ૨૦

અમરેલી, તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલ ખાતે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા મેન્ટલ હેલ્થ અવેરનેસ અભિયાન અંતર્ગત એક પ્રેરણાદાયક અને જાગૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અન્વયે દેશમાં વધતા જતા સ્ટ્રેસ, એન્ઝાયટી, ડિપ્રેશન અને આત્મહત્યાના વધતા કિસ્સાઓને રોકવા માટે સમગ્ર દેશમાં મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન થઈ રહ્યું છે. તે અનુસંધાને અભિયાન સેવા ટ્રસ્ટ અને શાંતાબા જનરલ સિવીલ હોસ્પિટલ અમરેલી, જિલ્લા એન.સી.ડી. સેલના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કેમ્પસના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી, જયાં માનસિક સ્વાસ્થ્ય વિષયક મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. યોગ પ્રશિક્ષક હર્ષાબેને વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે "શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ માનસિક સ્વાસ્થ્ય પણ જીવનમાં જરૂરી છે." તેમણે સ્ટ્રેસ, ડિપ્રેશન અને એન્ઝાયટીને દૂર રાખવા માટે યોગ, પ્રાણાયામ, સકારાત્મક વિચારસરણી અને સમયસર સંવાદ જેવા સરળ ઉપાયો સમજાવ્યા. તદુપરાંત, એમ.એસ. ડબલ્યુ નીતાબેને વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય જાળવવા તથા મુશ્કેલ સમયમાં હિંમત ન હારવાની પ્રેરણા આપતાં પ્રતિજ્ઞા લેવડાવી. સમગ્ર ઓડિટોરિયમમાં વિદ્યાર્થીઓએ એક સ્વરથી માનસિક રીતે મજબૂત રહેવાની શપથ લઈને કાર્યક્રમને યાદગાર બનાવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફે સક્રિય સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થતા તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા આયોજક સંસ્થાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો. કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના પ્રમુખ અને સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છાઓ પાઠવી અને વિદ્યાર્થીઓને જીવનમાં માનસિક રીતે સશકત બની આગળ વધવા પ્રેરિત કર્યા. ગજેરા કેમ્પસ–વિદ્યાસભા દ્વારા શિક્ષણ સાથે સંસ્કાર અને સ્વસ્થ મનના નિર્માણ તરફ ઉઠાવાયેલું આ એક પ્રશંસનીય પગલું છે, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## શહેરીજનોની દાયકાઓ જુની માંગ પૂર્ણ થતાં ખૂશીનો માહોલ

# આનંદો : અંતે અમરેલીમાં બ્રોડગેજ રેલ્વેલાઈન આવી પહોંચી

**આધુનિક સુવિધાઓ સાથેનાં રેલ્વે સ્ટેશનનું મકાન બનાવવામાં આવી રહ્યું છે**

**રેલ્વે સ્ટેશનની અંદર જ અન્ડર બ્રિજની કામગીરી પણ કરવામાં આવી**

**એક પ્લેટફોર્મ બ્રોડગેજ રેલ્વે માટે અન્ય એક મીટરગેજ માટે સ્ટેશન બનશે**

**અમરેલીને મુંબઈ અને દિલ્હી સાથે જોડતી રેલ્વે સેવા ઝડપથી શરૂ થાય તે જરૂરી છે**






અમરેલી, તા. ૨૦

અમરેલીમાં આજથી લગભગ ૧૧૪ વર્ષ પહેલાં એટલે કે ૧૯૧૨માં રેલ્વે સ્ટેશન બન્યા બાદ પણ અમરેલી રેલ્વે સ્ટેશનની ૧૧૪ વર્ષથી એની એ જ સ્થિતિમાં છે અને તેમાં કોઈપણ પ્રકારની સુવિધાઓમાં વધારો થયો નથી. જયારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, દામનગર વગેરે તાલુકામાં આવેલા સ્ટેશનો હોવા છતાં તે વૈકિ કક્ષાની આધુનિક સુવિધા સાથેના રેલ્વે સ્ટેશનો બની ગયા છે. હવે આઝાદી પછી પ્રથમ વખત જ અમરેલી રેલ્વે સ્ટેશન આધુનિક કક્ષાનું બનશે અને જૂનું બિલ્ડીંગ આગામી દિવસમાં તોડવામાં આવે તેવી શકયતા જોવાય રહી છે અને તેના સ્થાને નવું એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ સાથેનું રેલ્વે સ્ટેશન બનશે.

અમરેલીના ઈતિહાસમાં પ્રથમ વખત રેલ્વે સ્ટેશન ઉપર લોકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહયાં હતાં તે બ્રોડગેજ રેલ્વે લાઈનના પાટા આવ્યા છે અને જેટ ગતિએ અમરેલી રેલ્વે સ્ટેશનમાં રેલ્વે ટ્રેકની કામગીરી આધુનિક સાધનો અને મશીનરી સાથે થઈ રહી છે. ત્યારે લોકોને હવે વિસ થયો છે કે અમરેલીને ભવિષ્યમાં બ્રોડગેજ રેલ્વેની સુવિધા પ્રાપ્ત થશે.

અમરેલી જિલ્લા કક્ષાનું શહેર છે. અમરેલી ખાતે આવેલ એસ.ટી. બસ સ્ટેશન પણ એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ સાથેનું બનાવ્યું છે પરંતુ અમરેલી રેલ્વે સ્ટેશન અંગ્રેજોના સમયમાં ૧૯૧૨માં બનાવાયા પછી ૧૧૪ વર્ષ જેટલો સમય વીતી ગયો છે તેમ છતાં પણ તે એની એ જ સ્થિતિમાં છે અને કોઈપણ પ્રકારની સુવિધાનો વિકાસ થયો નથી.

હવે અમરેલીમાં આધુનિક સુવિધાઓ સાથેનું રેલ્વે સ્ટેશન બનવાનું છે અને જુદા જુદા બે પ્લેટફોર્મ બનશે જેમાં એક પ્લેટફોર્મ બ્રોડગેજ માટે અને બીજું પ્લેટફોર્મ મીટરગેજ રેલ્વે માટે બનાવવામાં આવશે.

આ ઉપરાંત લોકોને એક પ્લેટફાર્મથી ઉપર ચઢીને બીજા પ્લેટફોર્મ જવામાં હેરાનગતિ થાય છે તે માટે અમરેલી રેલ્વે સ્ટેશનમાં નીચેના ભાગેથી પસાર થઈ શકાય એ રીતે રેલ્વે સ્ટેશનની અંડર બ્રિજ બનાવવામાં આવશે. તેવું આધુનિક સુવિધાઓ સાથેનું રેલ્વે સ્ટેશન પણ બનાવવામાં આવશે.

આ કામગીરી કરવા માટે જૂનુ રેલ્વે સ્ટેશનનું બિલ્ડીંગ તોડવું જરૂરી હોવાથી આગામી દિવસમાં તેને તોડીને નવું બનાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવે તેવી શકયતા છે. જો કે આ બિલ્ડીંગ હેરીટેજ હોવાથી જો તેને રાખી શકાતું હોય અને તેના કારણે શહેરનો વિકાસ અટકતો ન હોય તો રાખવા માટેની લોકોની માગણી છે. પણ સાથે સાથે જૂનું રેલ્વે જ રહે અને લોકોને આધુનિક સુવિધાથી વંચિત રાખવામાં ન આવે તેવી પણ લોકોની માંગણી છે.

જો અમરેલી રેલ્વે સ્ટેશનનું જૂનું બિલ્ડીંગ છે તેમને એજ સ્થિતિમાં રાખવામાં આવે તો હાલની કામગીરી મુજબ જે આયોજન ચાલી રહયું છે તે બાંધકામ થઈ શકે તેમ નથી અને તેનાથી રેલ્વેને અંદાજીત રૂપિયા ૧ કરોડનો વધારે ખર્ચ થાય તેમ છે.

**અધિકારીઓ સાથે બેઠક કરી નિર્ણય લેશું : સાંસદ**

અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ કહ્યું કે, અમરેલી રેલ્વે સ્ટેશન હેરીટેજ છે તેને રાખી શકાતું હોય તો રાખવું જોઈએ. સાથે સાથે અમરેલીને આધુનિક રેલ્વે સ્ટેશન સાથેની તમામ સુવિધાઓ પણ મળે એ જરૂરી છે. આથી આ મુદ્દે રેલ્વેના અધિકારીઓ સાથે બેઠક કરીને નિર્ણય લેવાશે.

**શહેરના હિતમાં હોય તે નિર્ણય લો : મીશન બ્રોડગેજ**

અમરેલી મિશન બ્રોડગેજ સમિતિના પ્રમુખ રાજેશ ગાંધીએ જણાવ્યું કે, અમરેલી રેલ્વે સ્ટેશનનું બિલ્ડીંગ ૧૧૪ વર્ષ જૂનું છે અને હેરીટેજ છે એટલે તેને રાખી શકાતું હોય તો રાખવું જોઈએ. પણ તે રાખવાના કારણે અમરેલીના વિકાસને કોઈ નુકસાન ન થાય અને આધુનિક સુવિધા ન મળે અને જૂના રેલ્વે સ્ટેશનમાં મુસાફરો બેસવા મજબૂર બને તે પણ યોગ્ય નથી. તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ સાથેનું રેલ્વે સ્ટેશન અમરેલીને મળવું જોઈએ. એટલે શહેરના વિકાસને ધ્યાને લેવામાં આવે તે જરૂરી છે.

**અમરેલીની જૂની મીટરગેજ લાઈન પહેલાં બ્રોડગેજની લાઈન પાથરવામાં આવી**

અમરેલીમાં આઝાદી પહેલાંની મીટરગેજ લાઈન બિછાવેલ છે જે હાલમાં બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરીનાં કારણે મીટરગેજ લાઈનના ટ્રેકને ઉંચો લેવો જરૂરી છે. તે માટે અમરેલી રેલ્વે સ્ટેશનથી અમરેલી પરા સ્ટેશન સુધીની મીટર લાઈન ઉખેડી નાંખેલ છે તે લાઈનનું કામ પુરૂ થાય અને મીટરગેજની લાઈન અમરેલી રેલ્વે સ્ટેશન સુધી પહોંચી નથી તે પહેલાં બ્રોડગેજની લાઈન આવી ગઈ છે.

---

### બાબરા પાલિકાનાં પ્રમુખ પ્રવિણ કરકરે

## લગ્ન નોંધણી પદ્ધતિમાં ઐતિહાસીક નિર્ણય લેવાતાં ખુશી વ્યકત કરી

**દરેક સમાજનાં હિતમાં યોગ્ય નિર્ણય થયો**

બાબરા, તા. ૨૦


ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ સમાજોની લાગણી અને માંગણીને માન આપીને લગ્ન નોંધણી પદ્ધતિમાં જે ઐતિહાસિક અને ક્રાંતિકારી ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેને બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા હૃદયપૂર્વક આવકારવામાં આવ્યો છે.

પ્રવિણભાઈ કરકરે જણાવ્યું હતું કે, "ગુજરાતના દરેક સમાજની લાંબા સમયની આ માંગણી હતી. લગ્ન નોંધણીની નવી પદ્ધતિ અમલમાં આવવાથી સામાજિક ગૂંચવણો ઓછી થશે, પારદર્શિતા વધશે અને યુવા પેઢી તેમજ વાલીઓના હિતોનું રક્ષણ થશે. આ નિર્ણય સરકારની સંવેદનશીલતા અને મક્કમતાનું પ્રતીક છે."

આ પ્રજાલક્ષી અને સામાજિક સુરક્ષાને સુદ્રઢ બનાવતા નિર્ણય બદલ પ્રવિણભાઈ કરકરે ગુજરાતના યશસ્વી નેતૃત્વનો આભાર માનતા જણાવ્યું હતું કે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી, તેમજ કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયાનો આભાર માની તેમણે ઉમેર્યું કે, આ મંત્રીમંડળે સમાજના દરેક વર્ગના હિતમાં નિર્ણય લઈને ગુજરાતને એક નવી દિશા ચીંધી છે.

આ નિર્ણયથી બાબરા શહેર સહિત સમગ્ર પંથકના લોકોમાં ખુશીનો માહોલ છે. સામાજિક માળખાને મજબૂત કરવા માટે આ કાયદાકીય સુધારો ભવિષ્યમાં ખૂબજ આશિર્વાદ રૂપ સાબિત થશે






























# તમે ભાષાનું રક્ષણ કરો અને ભાષા તમારૂ રક્ષણ કરશે

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

૨૧ મી ફેબ્રુઆરી એટલે "વિશ્વ માતૃભાષા દિવસ" આવું આપણે સૌ વર્ષોથી સાંભળતા આવીએ છીએ. જેમ રામાયણ, ભાગવતકથા સાંભળીએ છીએ એમ પણ એ બધું સ્મશાન વૈરાગ્ય જેવું છે. સ્મશાનમાંથી બહાર નીકળ્યા એટલે કોણ તું કોણ હું. એક ગુજરાતી તરીકે ગૌરવ અનુભવીએ છીએ. માતૃભાષાનું જતન કરવું જોઈએ એ પણ જાણીએ છીએ પણ જયારે પાણી પગ નીચે આવે છે ત્યારે આપણે આપણાં સંતાનોને, પૌત્ર, પૌત્રીને અંગ્રેજી માધ્યમમાં જ કે વિદેશ અભ્યાસ માટે મોકલી દઈએ છીએ. કોઈ પુછે તો કહીએ છીએ. છોકરાવની એવી ઈચ્છા છે. આમ કહી છટકી જઈએ છીએ.

કહેવું જોઈએ કે "ભાષા રક્ષિતઃ રક્ષિતાઃ" આપણે ભાષાનું રક્ષણ કરીશું તો ભાષા આપણું રક્ષણ કરશે. જેમ ધર્મનું રક્ષણ કરીશું તો ધર્મ આપણું રક્ષણ કરશે. એમ કહેવું ઉચિત ગણાશે.

આ સંદર્ભે મુર્ધાન્ય જ્ઞાનિ, સાહિત્ય કાર, જૈન ધર્મના જ્ઞાતા એવા પદ્મશ્રી કૃમાળપાળ દેસાઈ લખે છે ? વર્તમાનયુગમાં એક અનોખી વિસંસ્કૃતિ(યુનિવર્સલ કલ્ચર) આકાર લઈ રહી છે, ત્યારે માનવી ઇચ્છે કે ન ઈચ્છે, તોપણ એ વિમાનવી બની ચૂક્યો છે અને આવે સમયે એને પૃથ્વીના પટ પર પોતાનું અસ્તિત્વ જાળવવું હશે, તો આસપાસની સૃષ્ટિ અને સંપૂર્ણ દુનિયાની જાણકારી મેળવવી જરૂરી બની ગઈ છે. એ જાણકારી માતૃભાષામાં મળે, તો એ તરત જ જીભવગી અને હૃદયલગી બની રહે. હકીકતમાં બાળકના જન્મ પહેલાં એને માતૃભાષા મળે છે. માતાના દૂધથી એનાં હાડકાં મજબૂત થાય છે, તો માતૃભાષા એની બૌદ્ધિક કરોડરજ્જુને મજબૂત બનાવે છે. માતૃભાષા એ બાળકને પોતાનો ચહેરો આપે છે. જેમ માતાની પાસેથી પ્રેમ, આત્મીયતા અને સહજતા મળે છે, એ જ રીતે માતૃભાષા વ્યકિતને સંવેદના, સૌજન્ય અને સંસ્કૃતિ આપે છે, આથી તો ખિલલ જિબ્રાને હકીકતનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે, "માતાએ મને માતૃભાષામાં ભણાવવાનો આગ્રહ રાખ્યો, તેથી હું ખલિલ જિબ્રાન બન્યો."

માતૃભાષામાં વિનું જ્ઞાન આપવા માટે કર્મયોગી સાંકળચંદભાઈ પટેલની પ્રેરણા મળી. પરિણામે વિકોશના પ્રણેતા અને શિલ્પી સવ્યસાચી સારસ્વત ડો. ધીરૂભાઈ ઠાકરે જ્ઞાનયજ્ઞ આરંભ્યો. એમની ૬૭ વર્ષની ઉંમરે એનો પ્રારંભ કર્યો અને એમણે ૯૫મા વર્ષે વિદાય લીધી ત્યાં સુધી મનમાં એક જ રટણા "મારે મારા ગુજરાતને એનો સર્વપ્રથમ વિકોશ – એન્સાઈક્લોપીડિયા – આપવો છે." એ ભગીરથ કાર્ય સિદ્ધ કરીને એમણે વિદાય લીધી, પણ વિકોશનો આ વિદ્યાયજ્ઞ સતત ચાલતો રહ્યો અને વિસ્તરતો રહ્યો. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ની ભાષામાં કહીએ એક પ્રકારના સ્વાધ્યાય–યજ્ઞનો પ્રારંભ થયો છે.

વિકોશની વિવિધ ગ્રંથશ્રેણી, એનાં ત્રણ સામયિકો 'વિવિહાર', 'ગુર્જરી ડાયજેસ્ટ' અને 'વિ,' અગિયાર જેટલી જુદા જુદા વિષયોને આવરી લેતી વ્યાખ્યાનશ્રેણી, અગિયાર જેટલાં ભિન્ન ભિન્ન ક્ષેત્રની પ્રતિભાને પોંખનારાં અવાર્ડ, પારિતોષિક અને ચંદ્રકો, માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, વકતૃત્વ સજજતા શિબિર, વિવિધ વિષયોની કાર્યશિબિર તેમજ અન્ય પ્રવૃત્તિ ચાલી રહી છે. આમ માતૃભાષાના સંદર્ભમાં અનેકવિધ કાર્યો થઈ રહ્યાં છે, ત્યારે એટલું જ કહેવાનું મન થાય કે, ' ભાષા રક્ષિતઃ રક્ષિતામ' 'તમે ભાષાનું રક્ષણ કરો અને ભાષા તમાઢં રક્ષણ કરશે.

વિકોશની ચાર દાયકાની સફરમાં પાંચેક બાબતો ચિત્તમાં ઊપસી આવે છે. સૌપ્રથમ તો ભાષા, મૂલ્ય, સંસ્કૃતિ અને અસ્મિતાની કટોકટી વચ્ચે આવું કામ કરવું તે એક સાહસ હતું. ગુજરાતી પ્રજાને માથે મહેણું છે કે, "એની પાસે કબાટ હોય છે, પરંતુ તેમાં વસ્ત્રો,અલંકારો અને સૌંદર્યપ્રસાધનો હોય છે, પુસ્તકો નહીં.' વળી જેમ ઘર નાનાં બનતા જાય છે, ત્યારે ઘણા લોકો સૌથી પહેલી વિદાય પુસ્તકોને આપે છે. આ છે. આ સંદર્ભમાં વિકોશે પથ્થરની જે શિલાઓ એના રસ્તામાં નડતરરૂપ હતી, તેમાંથી પગથિયાં બનાવવાનો પ્રયાસ કર્યો. ગુજરાતી વિકોશના એક હજાર પૃષ્ઠના એક એવા ગ્રંથોની ત્રણેક આવૃત્તિ થઈ. તો વળી આજે આંગળીના ટેરવે દર મહિને વિકોશ અને લક્સિકન તથા એની અન્ય સામગ્રીનો પાંચેક લાખ ગુજરાતી ભાષીઓ ઉપયોગ કરે છે, ત્યારે ભાષાપ્રેમથી કેટલું સિદ્ધ થાય છે, તેનો ખ્યાલ આપે છે.

કવિ દલપતરામની એ પંકિતઓ છે. આવા ગિરા ગુજરાતી તને અતિ શોભિત હું શણગાર સજાવું. જ્ઞાનને કોઈ સીમાડા હોતા નથી. આજે આવતીકાલ પર નજર ઠેરવીએ તો જ્ઞાનની ક્ષિતિજો અસાધારણ ઝડપે વિસ્તરી રહી છે.

'માતૃભાષા ખોઈશું તો સર્જકત્વ, પ્રત્યાયન અને સંસ્કૃતિનો હ્રસ'. આ શબ્દો છે મૂર્ધન્ય સાહિત્યકાર તથા વિકોશના પ્રમુખ તેમજ જૈન દર્શનના ઉપાસક તેમજ વિવિહારના તંત્રી કુમારપાળ દેસાઈના. આજે હવે માતૃભાષા વિશે સૌ વિચારતા થયા છે. અવારનવાર સાહિત્યકારો, માતૃભાષાના ચાહકો, ઠેકેદારો, ઉધ્ધારકો, લોકોને જાગૃત કરવા માટે લેખો, વિચારો દ્વારા પ્રયત્ન કરી રહ્યા છે. ધીરે ધીરે આમ જનતા પણ હવે સમજતી થઈ છે કે અંતે તો માતૃભાષા જ આપણી વહારે આવશે.

આઝાદી બાદ સરકાર પણ કોલેજોમાં એન્જિનિયરિંગ, મેડિકલ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ વિદ્યાર્થીઓ પોત પોતાની માતૃભાષામાં પરીક્ષા આપી શકશે એવા પ્રયત્નો કરી રહી છે. જેથી અંગ્રેજી ઓછું સમજતા કે લખી શકતા વિદ્યાર્થીઓ સારી રીતે પરીક્ષાઓ આપી શકશે.અંગ્રેજી માધ્યમ આજે પૂરજોરમાં આગળ વધી રહ્યું છે પણ એમાંય વાલીઓ પોતાના બાળકો ભલે અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય પણ ઘેર એમને ગુજરાતી કે માતૃભાષા શીખવાડે છે. ભણેલી ગણેલી માતા પણ બે ઘર વળતા કરી બાળ કોને માતૃભાષામાં જ શિક્ષણ આપવાનું પસંદ કરી રહી છે.ડોક્ટર કુમારપાળ દેસાઈના વિધાનો, વિચારવિચારવા લાયક છે. ગુજરાતની જેટલી વસ્તી છે એનાથી ઓછી વસ્તી ધરાવતા વિના ૪૦ જેટલા દેશોએ પોતાની માતૃભાષા વિકસાવી છે.એવા નાના દેશો પોતાનું આંતરસત્વ છોડીને અંગ્રેજી ભાષાના કે અન્ય કોઈ ભાષાના પ્રવાહમાં વહી ગયા નથી કે ગુલામ બન્યા નથી. માતૃભાષા વિશે એ દેશોના લોકો અને સરકાર જાગૃત છે. બાંગ્લાદેશનું જીવતું જાગતું ઉદાહરણ છે.માતૃભાષાથી જેમ જેમ દૂર થતાં જઈશું તેમ તેમ આપણી સર્જનાત્મકતા, સર્જન શકિ ઝાંખી પડતી જશે, વિદ્વાનોના મત અનુસાર આજે શિક્ષણ વધ્યું છે પણ સર્જકત્વ ઘટ્યું છે, એનું કારણ શું ? સંશોધન એવું કહે છે કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે અને તેમાં વિશેષ કાર્ય કરે છે તેઓ વધુ પડતા અનુકરણ કરતા થયા છે અને તેમનામાં સંશોધનાત્મકતા મરી પરવારે છે.માતૃભાષા તો આપણી દૂધ ભાષા છે. માતાનું દૂધ, ધાવણ જેટલું ઉપકારક, સુપાચ્ય છે એટલું જ માતૃભાષાનું શિક્ષણ પણ હાથવગું અને ઉપકારક નીવડે છે.ગાંધીજીનું અંગ્રેજી પર સારૂ એવું પ્રભુત્વ હતું પણ તેમણે માતૃભાષામાં જ આત્મકથા અને અન્ય લેખો, પુસ્તકો લખ્યા છે. એની પાછળનું કારણ એ છે કે વ્યકિત પોતાના હૃદયના ભાવ માતૃભાષામાં સારી રીતે વ્યકત કરી શકે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને એમના સાપેક્ષવાદના સિદ્ધાંતને તેમની માતૃભાષા જર્મનીમાં લખ્યો છે. તેમજ એરિસ્ટોટલ, કાલમાર્કસે પોતાના વિચારો પોતાની માતૃભાષામાં જ પ્રગટ કર્યા છે. વિ પરિષદમાં જે તે દેશના વડા તેમની જ માતૃભાષામાં ભાષણ કરે છે નહીં કે અંગ્રેજીમાં. બીજી વાત એ છે કે માતૃભાષા એ પ્રત્યાયન, વાતચીત, ચર્ચા માટે મહત્વનું સાધન છે. બે વ્યકિતના સંવાદમાં વિસંવાદિતા આવી જાય છે. દેશની કે વિની દરેક પ્રજા પોતાના આગવા મૂલ્યો પર જીવતી હોય છે. એટલે દરેક પેઢી માનવ મૂલ્યો અને સંસ્કૃતિ પોતાની આવતી પેઢીને આપતી જતી હોય છે. અને તે ત્યારે જ શક્ય બને છે કે જયારે તેમણે પોતાની માતૃભાષામાં આપ્યું હશે તો.' વ્યકિતની સર્જનાત્મકતા એ વ્યકિતગત કે આંતરિક બાબત છે. પ્રત્યાયન એ બે વ્યકિત વચ્ચે સંવાદ રચાતો હોય છે જયારે સંસ્કૃતિનો સંબંધ કે સમૂહ સાથે જોડાયેલો હોય છે. આ ત્રણેય બાબતો માટે માતૃભાષા જ કારગત નિવડે એમ કહેવું યથાર્થ રહેશે. બાળક વધુમાં વધુ શિક્ષણ સમાજ, ઘરમાંથી મેળવતું હોય છે. તેથી તે માતૃભાષા જીભવગી અને હૃદયલગી વધારે હોય છે. કુદરતે આપણને આપણી માતૃભાષા તો આપી પણ તેની માવજત કરવામાં આપણે ઊણા ઉતર્યા છીએ.

આલખનારનો એવો હેતુ નથી કે આપણી માતૃભાષા સિવાય કોઈ ભાષા શીખવી જ નહીં. કહેવત છે ને કે બાપનો કૂવો ગમે તેટલો ઊંડો કે પાણીયાળો હોય તોય એમાં ડૂબી ન મરાય. અંતે તો માણસ બહુભાષી છે. એમાંય ૨૧મી સદીની વાત છે એટલે વિની દરેક વ્યકિને ત્રણ પ્રકારની જરૂરિયાત પડે છે પહેલી સ્થાનિક પરિવેશ બીજી રાષ્ટ્રીય અને ત્રીજી વૈકિ. આ ત્રણેય પરિસ્થિતિમાં આપણે સંતુલન સાધવાનું છે. ટૂંકમાં માતૃભાષા, રાષ્ટ્રભાષા અને વિદેશી ભાષા એટલે કે અંગ્રેજી સાથે સંવાદિતા સાધવાની વાત છે.

પણ અફસોસ સાથે કહેવું પડે કે આપણે ગુજરાતીઓએ ગુજરાતી ભાષા તો ખોઈને અંગ્રેજી પૂર્ણરૂપે આવડ્યું નહીં. એટલે ટૂંકમાં કહેવું હોય તો આપણે ન રહ્યા ઘાટના કે ના રહ્યા ઘરના. સાધુના બેય બગાડવા જેવું થયું છે.

હજી વેળા વીતી ગઈ નથી. જાગૃતિ લાવવાની અને જાગૃત થવાની જરૂર છે. ખાસ કરીને માતા–પિતાએ એમાંય ખાસ માતાઓએ. દેખાદેખીથી પર રહી પર ભાષા શીખવાની કે ભણાવવાની વાતને ખોટો પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવતા આપણને જે ભાષામાં સ્વપ્ન આવે છે એ ભાષાના મૂળને પકડવામાં જ સાર્થકતા છે.

આવો, આંતરરાષ્ટ્રીય માતૃભાષાના દિવસે પ્રતિજ્ઞા કરીએ કે આપણે સૌ પ્રથમ માતૃભાષાને પ્રાધાન્ય આપીશું અને પછી અન્ય ભાષાને. એમાં જ સાચી સમજદારી છે. સૌને સન્મતિ દે ભગવાન.

રવજીભાઈ કાચા
અમરેલી ૩૬૫૬૦૧
મો.૯૪૦૮૧૫૭૦૯૨



# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ

## ભવ્યોજવલ જીવનની ચિરપ્રતિષ્ઠા

– બળવંતસિંહ– ધીરૂભાઈ ઠાકરપ્રા.

**ગાંધી–ગંગા** (બે ભાગમાંથી પસંદ કરેલું ચયન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી


મહાદેવ દેસાઈના સુપુત્ર નારાયણ દેસાઈ નાનપણથી જ ગાંધીવિચાર અને આચારના સંસ્કાર પામ્યા હતા. માતૃભાષા ગુજરાતી ઉપરાંત તેઓ બંગાળી, હિન્દી અને અંગ્રેજી જાણે છે. તેમણે એક ડઝનથી વધુ પુસ્તકો આપ્યાં છે. પરંતુ તેમની સર્જકતાનો ખરો ઉન્મેષ મહાદેવ દેસાઈ અને ગાંધીજીનાં તેમણે આપેલાં ચરિત્રો છે.' અગ્નિ કુંડમાં ઊગેલું ગુલાબ' (૧૯૯૨) તે મહાદેવભાઈના સમગ્ર જીવનને આવરી લેતું, નવલકથાના જેવું રસનીગળતું પ્રમાણભૂત ચરિત છે. આ જેટલું મહાદેવનું ચરિત છે તેટલું જ ગાંધીજીનું પણ બને છે.

નારાયણ દેસાઈનું શ્રેષ્ઠ પ્રદાન વર્ષોની મહેનત પછી તૈયાર કરેલું ગાંધીજીનું બૃહત્ ચરિત્ર 'મારૂં જીવન એ જ મારી વાણી' ચાર ભાગમાં (૨૦૦૩) આપ્યું તે છે. આશરે ૨૨૦૦ પાનાંમાં વિસ્તરેલ આ ચરિતનું પ્રકાશન ગુજરાતના સંસ્કારજીવનની અને ગુજરાતી સાહિત્યની મહવની ઘટના છે. ગાંધીજી તથા તેમના જીવનકાર્યને અંગે સંખ્યાબંધ પુસ્તકો લખાયાં છે. પરંતુ ગુજરાતીમાં સંપૂર્ણ અને સુગ્રથિત અધિકૃત બૃહદ્ ગાંધીચરિત ઉપલબ્ધ નહોતું. ગાંધીજીવનની પળેપળનો હિસાબ આપે તેવું, દુનિયાના ચરિતસાહિત્યમાં માગ મુકાવે તેવું, પ્રભાવક ગાંધીચરિત આપવાની ઈચ્છા મહાદેવભાઈની હતી. તે માટે તેમણે ડાયરીઓમાં સામગ્રી એકત્ર પણ કરેલી. પરંતુ તેમનું અકાળે અવસાન થયું. નારાયણ દેસાઈએ આ ગાંધીચરિત રચીને પિતાની મનઃકામના પૂરી કરી.

લેખકે અનેક દુષ્પ્રાપ્ય સાધનોનો ઉપયોગ કરીને મહાકાવ્યની લગોલગ પહોંચતી આ ભવ્યસુંદર ચરિત્ર કથાને શ્રદ્ધેયતા અર્પી છે. આ મહાકથામાં અનેક રસઝરતી ઉપકથાઓ સહજપણે ગૂંથાયેલી છે. નારાયણ જ આપી શકે તેવી અનેક ઝીણી વિગતો રત્નકણિકાની જેમ આ ગાંધીકથામાં ઝગારા મારી રહી છે.

નારાયણ દેસાઈ ગાંધીદર્શનને વિના ચોકમાં મૂકનાર સમર્થ ચિન્તક છે અને બીજું ઘણું છે. પરંતુ એ સર્વથી અધિક, વિવિભૂતિ ગાંધીના ભવ્યોજ્જ્વલ જીવનને અક્ષરબદ્ધ કરીને ગુજરાતી સાહિત્યમાં તેની ચિરપ્રતિષ્ઠા કરનાર સમર્થ ચરિત્રકાર પણ છે. તેમની એ અક્ષરસેવા ગાંધીની સાથે ચિરસ્મરણીય બની છે.

## ચિન્ટુ અને વાદળીઓ



ઉનાળાના દિવસો. તાપ તો કહે મારૂં કામ.

સખત –ઉકળાટનું ચોમેર ચાલે રાજ. પશુપંખી, માનવો, જીવજતું બધાં હેરાન–પરેશાન.

નાની ચિન્ટુ આંગણામાં નાની ખાટલીમાં બેઠી હતી. લીમડાના છાંયડે પણ તે હતી પરસેવે રેબઝેબ.

એવામાં તેની નજર ગઈ આકાશમાં. તેણે જોઈ એક વાદળી અને તે બોલી પડી.

વાદળી, ઓ વાદળી,
થઈને ઉતાવળી
આવ, હેની આવ,
મોતીડાં વરસાવ.

અને જુઓ તો ખરાં, વાદળી તો બોલવા લાગી. ચિન્ટુ, હું એકલી નહીં આવું. અમે બધી બહેનો સાથે જ આવીએ.

ચિન્ટુ બોલી : "એવું કેમ ? તને એકલીને બીક લાગે છે ?"

વાદળી બોલી, "અમારો ધરતી પર સાથે જ આવવાનો નિયમ છે."

ચિન્ટુ કહે : "તો તમે બધાં ભેગાં થઈને આવો. તમે બધાં સમૂહમાં આવશો તો અમને બહુ મજા આવશે."

સાંભળ,

ઓ વાદળીઓ આવો,
સાથે વર્ષા લાવો.
ધરતીને જળ પાવો,
સૌ જીવને હરખાવો.

આ સાંભળીને વાદળી બોલી, "કાલે અમે બધી બહેનો સાથે જ આવશું. બસ ?"

પછી બીજા દિવસની વાત.

ઓહોહોહો ! જુઓ તો ખરાં, ઢગલાબંધ વાદળીઓ ! કોઈએ સોનેરી કોર ધારણ કરી છે, તો કોઈએ આછી – કાળી કિનારી. કોઈએ વળી બગલાની પાંખ જેવી ધોળી કોર પણ ધારણ કરી છે !

ચિન્ટુ તો વાદળીઓને જોઈનેટહુકી પડી, ઓ વાદળીઓ, ભલે. પધારી, ધરતી શોભા જાઓ વધારી ! પરંતુ વાદળીઓ તો કંઈ પણ ના બોલી ! તેઓ થોડી નિરાશ પણ લાગતી હતી.

ચિન્ટુએ તેમની એવી દશા જોઈને કહ્યું : "ઓ બહેનડીઓ, કેમ કંઈ બોલતી નથી ? તમારાં મોઢાં કેમ કરમાયેલી તુંબડીઓ જેવાં થઈ ગયાં છે ?"

મહામહેનતે એક વાદળી બોલી, લાગે છે કે અમે ભૂલા પડ્યાં ?

બીજી વાદળી બોલી, અમે ધારતાં હતાં એવું તારે ત્યાં કંઈ નથી, ચિન્ટુ ! ત્રીજી વાદળી બોલી, અમારાથી નીચે નહીં અવાય. ચોથી વાદળી બોલી, અમે ત્યાં આવીએ અને બળી મરીએ તો ?

ચિન્ટુ બોલી : "આવો ને બેધડક ! અહીં બધાં તમને સત્કારવા તૈયાર છે. બધાં તમને ઝંખે છે."

એક વાદળી બોલી, જો બહેન, અમે લીલીછમ હરિયાળી, ભરપૂર વૃક્ષો, લીલાંછમ ખેતરો હોય ત્યાંજ હેઠે ઊતરીએ છીએ.

બીજી વાદળી બોલી, ત્યાં જ અમે ઠરીએ અને ઝરમરીએ.

ચિન્ટુ રડમસ અને ઉદાસ થઈ ગઈ હતી તે બોલી : "તમારી વાત ખરી છે, બહેનો, તમે કહો છો એવું અહીં કંઈ નથી. અહીં તો માણસોએ ઝાડવાંને થોકબંધ કાપી નાખ્યાં છે વળી પાણીની અછતને લીધે ખેતરો પણ વેરાન થઈ ગયાં છે. હરિયાળી તો બિચારી ક્યારનીય નાસી ગઈ છે."

આ સાંભળી બધી વાદળીઓ એક સાથે બોલી પડી, માફ કરજે, બહેન. અમારાથી નીચે નહીં અવાય.

પગ ઉપર માર્યો કુહાડો માણસે હાથે કરી, તો ભલે દુષ્કાળને એ ફેરવે માથે કરી !

ને પછી વાદળીઓ ત્યાંથી સડસડાટ ચાલવા લાગી. ચિન્ટુ બિચારી નિરાશ થઈને જોતી રહી.

## માર્ગ વાહન વ્યવહારના નિયમો

વિદ્યાર્થી : સાહેબ ડાબી અને જમણી બાજુ વળતાં કઈ ખાસ બાબતોનું ધ્યાન રાખવું પડે ?


શિક્ષક : જુઓ મિત્રો, તમે જયારે ડાબી બાજુ તમારૂ વાહન વાળવાના હો ત્યારે જે રોડ પરથી તમે વળવાના છો અને જે રોડ પર જવાના હો તે વખતે બને તેટલું ડાબી બાજુએ વાહન ચલાવવું.

જયારે તમે જમણી બાજુ વાળવાના હો ત્યારે જે રોડની મધ્યમાં જઈ જમણી બાજુ વળ્યા પછી વળી પાછા રોડની ડાબી બાજુએ વાહન ચલાવવું.

વિદ્યાર્થી : ચાર રસ્તા પર વાહન ચલાવતી વખતે શી સાવધાની રાખવી પડે ?

શિક્ષક : વાહનચાલકે ચાર રસ્તાની નજીક પહોંચતાં પહેલાં પોતાનું વાહન ધીમું પાડી દેવું જોઈએ. આ ઉપરાંત જયાં ઘણા રસ્તા ભેગા થતા હોય, પદયાત્રીઓને રસ્તો ઓળંગવાની જગ્યા હોય અથવા રસ્તાનો ખુણો હોય ત્યાં પણ તેને પોતાના વાહનની ગતિ ધીમી કરી દેવી જોઈએ. જયારે તેને એમ લાગે કે, આગળ જવામાં કોઈ જોખમ નથી ત્યારે જ તેણે પોતાના વાહનને આગળ હંકારવું જોઈએ, સમજયા ને ?

નવી પેઢી – નવો સંકલ્પ
**સલામત માર્ગ**



## "ઈશ્વરની ઈચ્છા તે જ મારી ઈચ્છા"

નરસિંહ મહેતાના પ્રભાતિયાની નીચેની પંકિતઓ સદા રટયા કરો.

જે ગમે જગતગુરૂ દેવ જગદિશને તે તણો ખરખરો ફોક કરવો. આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો.

આવી જ રીતે વિચારો. અપમાનોની વચ્ચે પણ શાંતિ જાળવો. વ્યગ્ર થશો નહિ. જેમ કડવા ઘૂંટડા ગળતા જશો તેમ વિનમ્રતા અને શુધ્ધાતા વધશે અને તમારી આધ્યાત્મિક શકિત વધુ સમૃધ્ધ બનશે.

**માનસિક શાંતિનાં સચોટ ઉપાયો** લેખક શ્રી સેન.સનંતનારાયનમ્

## સમૃદ્ર કમળ

કમળ આપણું રાષ્ટ્રીય પુષ્પ, દિવાળીના દિવસે વ્યવસાયની ઉન્નતિ માટે દુકાન, પેઢી, કારખાનાઓમાં લક્ષ્મી પૂજન થાય ત્યારે લક્ષ્મીજીને પ્રિય પુષ્પ તરીકે કમળ સમર્પિત કરવામાં આવે. કમળ જલજ વનસ્પતિ તરીકે જાણીતી છે પરંતુ એક કમળ એવું છે જે દરિયામાં જોવા મળે છે એટલે તેનું નામ સમુદ્ર કમળ છે. આ સમુદ્ર કમળની ખાસિયત એ છે કે તે વનસ્પતિ નથી પરંતુ એક પ્રકારનું પ્રાણી છે.

સમુદ્ર કમળ પ્રાણી સૃષ્ટિના એકાઈનોડર્મેટા કુળમાં વર્ગીકૃત છે. જેને ગુજરાતીમાં શૂળત્વચી સમુદાય કહેવામાં આવે છે. જેના જાણીતાં પ્રાણીઓ છે તારા માછલી, સાગર ગોટા, સમુદ્ર કાકડી. આ પ્રાણીઓની ત્વચા પર કંટકો છે પરંતુ સમુદ્ર કમળનાં શરીર પર એક પણ કંટક નથી.

સમુદ્રમાં છીછરા પાણીથી આશરે ત્રીસ હજાર ફૂટની ઊંડાઈ સુધી સમુદ્ર કમળ મળી આવે છે. ડાયનોસોર પહેલાના યુગના મળી આવેલ અશ્મિઓમાં સમુદ્ર કમળની હાજરી નોંધવામાં આવી છે.

સમુદ્ર કમળ સ્થાયી પ્રાણી છે. ક્રિનોઈડ તરીકે તે કોઈ આધાર સાથે વળગીને રહે છે. જો આધાર પરવાળાના ખડક જેવો સખત હોય તો તેની સાથે જકડાઈ રહેવા પંખીના પંજા જેવી રચનાનો ઉપયોગ કરે છે પરંતુ જો આધાર કાદવ જેવો નરમ હોય તે તેમાં ખૂંપી રહેવા ખીલા જેવી રચનાનો ઉપયોગ કરે છે. પાણીમાં ઉગતાં સાદા કમળની જેમ તેને જાતિ પ્રમાણે નાની મોટી લંબાઈની દાંડલી હોય છે જેની ટોચ પર કમળની પાંખડીઓ જેવી રચના આવેલી છે. જે હસ્ત તરીકે ઓળખાય છે. આ હસ્તની સંખ્યા હંમેશાં પાંચના ગુણાંકમાં જ રહેલી હોય છે.

કોઈ સંજોગોએ જો દાંડલી તૂટી જાય તો તો કમળની પાંખડી સ્વરૂપની રચના સમુદ્રનાં પાણીમાં તરવા લાગે છે. આ સમયે તેને પીચ્છતારા તરીકે ઓળખવામાં આવે છે. જે પોતાના હસ્તને ઝડપથી ચલાવી કોઈ પણ દિશામાં સ્થાનાંતર કરી શકે છે. સમુદ્રના ઊંડા પાણીમાં જરૂરી હલનચલન જાળવી રાખવા કુદરતે સમુદ્ર કમળ કે પીચ્છતારામાં એક વિશિષ્ટ પ્રકારના તંત્રની રચના આપેલ છે જેને જલવાહક તંત્ર કહે છે.

સમુદ્ર કમળની બીજી વિશિષ્ટ બાબત એ છે કે તેમાં પ્રબળ સંજીવની શકિત રહેલી છે. એટલે કે તેનાં શરીરનો કોઈપણ ભાગ તૂટી જાય તો તે તૂટેલા ભાગને વિકસાવી શકે છે અને તૂટેલા ટુકડામાંથી પૂર્ણ પ્રાણી પણ અવતાર લઈ શકે છે.





બાલમિત્રો,

આજે કયો દિવસ છે ? ૨૧મી ફેબ્રુઆરી શા માટે અગત્યની તારીખ અને દિવસ છે ? સાચી વાત માતૃભાષા દિવસ મનાવવામાં આવે છે તમે તો જાણો છો કે આપણી માતૃભાષા ગુજરાતી છે. સપના પણ માતૃભાષામાં જ જોઈએ છીએ. ગુજરાતી ભાષા આપણી દુધભાષા છે. માતાના દુધ સાથે મળેલી ગુજરાતી ભાષા છે. જે આપણી માતૃભાષા છે. જેમ માતાનું સન્માન કરીએ છીએ. એમ આપણી માતૃભાષાનું પણ સન્માન કરવું જોઈએ. જેના થકી જ આપણે આગળ વધી શકીએ છીએ. જો ભાષા ન હોત તો આપણે શું બોલતા હોત ? શું લખતા હોત ?

દરેક દેશની પોતાની આગવી માતૃભાષા હોય છે. આપણા દેશમાં પણ પ્રદેશવાર પોતાની માતૃભાષા બોલાય છે. પંજાબમાં, મહારાષ્ટ્રમાં મરાઠી, ગુજરાતમાં ગુજરાતી વિગેરે.

આપણે સૌ ગુજરાતી હોવાના નાતે આપણે પણ ગુજરાતી ભાષાનું માતૃભાષાનું સન્માન કરવું જોઈએ. વળી પ્રાથમિક શાળાનું જ્ઞાન તો માતૃભાષામાં જ લેવાનું હોય. દુઃખની વાત એ છે કે આપણે આપણી ગુજરાતી ભાષામાં બોલતાં લખતાં, શીખીતા નથી ને અંગ્રેજી ભાષા શીખવા જઈએ છીએ. પરિણામે નથી ફરી આપણે પુરી ગુજરાતીને કે અંગ્રેજીને ન્યાય આપી શકતાં માટે આપણી દુધભાષાને જ અપનાવીએ. જય ગુજરાતી જય માતૃભાષા.

## કાગડો અને ઘઉંનો દાણો

**બાલ કથાઓ** ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)



એક ખેડૂતની સ્ત્રી એક વાર ગામને પાદર ઘઉં સાફ કરતી બેઠી હતી. એટલામાં એક કાગડો આવ્યો અને સૂંડલામાંથી એક દાણો લઈ ઝાડ પર બેઠો. ખેડૂતની સ્ત્રીને બહુ ખીજ ચડી એટલે કાગડાને એક એવો તો પથરો માર્યો કે કાગડો 'કા કા' કરતો ઝાડ પરથી નીચે પડ્યો અને ઘઉંનો દાણો ઝાડની એક ફાટમાં ભરાયો. ખેડૂતની સ્ત્રી એકદમ કાગડા પાસે ગઈ અને તેને પાંખથી પકડીને કહે : 'મારો ઘઉંનો દાણો લાવ, નહિતર હમણાં જ મારી નાખું.

કાગડો કહે : 'મહેરબાની કરી છોડી દે, હું તારો ઘઉંનો દાણો હમણાં જ લાવી આપીશ.'કાગડો તો પછી ઝાડ પાસે ગયો અને ફાટમાં દાણો પેસી ગયો હતો એટલે ઝાડને કહે : 'ઝાડ, ઝાડ દાણો દે.'ઝાડ કહે : 'હું તો નહિ દઉં.'પછી કાગડો સુતાર પાસે ગયો.

કાગડો કહે : 'સુતાર સુતાર ! ઝાડ કાપ. ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.'

સુતાર કહે : 'હું તો કાંઈ ઝાડ કાપતો નથી.'પછી કાગડો ગયો રાજા પાસે. રાજા પાસે જઈને કાગડો

રાજાને કહે :'રાજા, રાજા ! સુતાર દંડ. સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ. રાજા કહે : 'હું તો કાંઈ સુતારને દંડતો નથી.' પછી કાગડો ગયો રાણી પાસે. જઈને રાણીને કહે :રાણી, રાણી ! રાજાથી રિસા. રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.રાણી કહે : 'હું તો કાંઈ રાજાથી રિસાતી નથી.'પછી કાગડો ગયો સાપ પાસે. સાપ પાસે જઈને કાગડો કહે : 'સાપ સાપ ! રાણીને ડસ. રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.સાપ કહે : 'હુંતો કાંઈ કોઈને ડસતો નથી.' મા પછી કાગડો ગયો ધોકા પાસે. જઈને ધોકાને કહે :'ધોકા, ધોકા ! સાપ માર. સાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.'ધોકો કહે : 'હું તો કાંઈ સાપને મારતો નથી.' પછી કાગડો ગયો આગ પાસે. જઈને આગને કહે :'આગ આગ ! ધોકો બાળ. ધોકો સાપ મારે નહિ, સાપ રાણી ડસે નહિ,રાણી રાજાથી રિસાય નહિ રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.આગ કહે : 'હું તો કાંઈ ધોકાને બાળતી નથી.' પછી કાગડો ગયો સમુદર પાસે. જઈને સમુદરને કહે : 'સમુદર ! સમુદર ! આગ બુઝાવ. આગ ધોકો બાળે નહિ, ધોકો સાપ મારે નહિ, સાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.સમુદર કહે : 'હું તો કાંઈ આગ ઓલવતો નથી.' પછી કાગડો ગયો હાથી પાસે. જઈને હાથીને કહે : હાથી, હાથી ! સમુદર સોસ, સમુદર આગ બુઝાવે નહિ, આગ ધોકો બાળે નહિ, ધોકો સાપ મારે નહિ, સાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.હાથી કહે : 'હું તો કાંઈ સમુદરને સોસતો નથી.'પછી કાગડો દોરડા પાસે જઈને દોરડાને કહે : 'દોરડા, દોરડા ! હાથી બાંધ. હાથી સમુદર સોસે નહિ, સમુદર આગ બુઝાવે નહિ, આગ ધોકો બાળે નહિ, ધોકો સાપ મારે નહિ, રાજા સુતાર દંડે નહિ, સાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, માંગું છું પણ આપે નહિ. સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો.' દોરડું કહે : 'હું તો કાંઈ હાથીને બાંધતું નથી.'પછી કાગડો ગયો ઉંદર પાસે. જઈને ઉંદરને કહે : 'ઉંદર, ઉંદર ! દોરડું કાપ. દોરડું હાથી બાંધે નહિ, હાથી સમુદર સોસે નહિ, સમુદર આગ બુઝાવે નહિ, આગ ધોકો બાળે નહિ, ધોકો સાપ મારે નહિ, સાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.' ઉંદર કહે : 'હું તો કાંઈ દોરડું કાપતો નથી.'પછી કાગડો ગયો બિલ્લી પાસે. જઈને બિલ્લીને કહે :

'બિલ્લી, બિલ્લી ! ઉંદર ખા. ઉંદર દોરડું કાપે નહિ, દોરડું હાથી બાંધે નહિ, હાથીસમુદર સોસે નહિ, સમુદર આગ બુઝાવે નહિ, આગ ધોકો બાળે નહિ, ધોકો સાપ મારે નહિ, વાત સુવાસાપ રાણી ડસે નહિ, રાણી રાજાથી રિસાય નહિ, રાજા સુતાર દંડે નહિ, સુતાર ઝાડ કાપે નહિ, ઝાડે મારો દાણો લીધો, માંગું છું પણ આપે નહિ.'બિલ્લીએ ઉંદરનું નામ સાંભળ્યું કે તરત જ તે ઉંદર ખાવા દોડી. ઉંદર બિલ્લીને આવતી જોઈ દોરડું કાપવા દોડ્યો. કપાવાની બીકે દોરડું હાથીને બાંધવા લાગ્યું. હાથી બંધાવાની બીકે સમુદર ઉલેચવા લાગ્યો. સમુદર ઉલેચાવા લાગ્યો એટલે એ આગ ઓલવવા ગયો. આગ ઓલવાવા લાગી એટલે તે ધોકો બાળવા લાગી. એટલે ધોકો સાપને મારવા લાગ્યો. સાપને માર લાગ્યો એટલે તે રાણીને ડસવા દોડ્યો. રાણીને સાપની બીક લાગી એટલે રાણી રાજાથી રિસાઈ ગઈ. રાણી રાજાથી રિસાઈ એટલે રાજાએ સુતારને બોલાવ્યો. સુતારને દંડવાની બીક લાગી એટલે એ વાંસલો લઈને ઝાડ કાપવા દોડ્યો અને ઝાડે સુતારને આવતો જોઈને ઘઉંનો દાણો કાગડાને આપી દીધો !

પછી કાગડો ઘઉંનો દાણો લઈને પેલી ખેડૂતની સ્ત્રીને જઈને આપી આવ્યો.

ખાધું પીધું ને મોજ કરી.

# જંગલમાં ટાબરિયાઓનો જંગ

ખુશનુમા સવાર પડી રહ્યું હતું. આકાશી ગોખ પર સૂર્યનારાયણ હસી રહ્યા... તારલાંઓ સંતાઈ ગયા હતા. હવામાં ગુલાબી મુલાયમ ઠંડીની અસર વર્તાઈ રહી. ચોગરદમ લીલીછમ વનરાજી પર પીળો પચરક તડકો છંટાઈ રહ્યો હતો. પહાડો પર રૂપેરી વાદળીઓ સંતાકૂકડી રમી રહી હતી. સૂરજનાં કિરણો વડે વાદળાંની કિનાર ઝગારા મારી રહી હતી.

ટાબરિયાંઓ મોંસૂઝણું સવાર થયું ત્યારથી જીપગાડીની બહાર આવીને બિછાનું પાથરીને બેસી ગયાં હતાં. હીરો હજી ટૂંટિયું વાળીને સૂતો હતો. આખો દેખાવ ભારે રમણીય હતો. બે ઘડી મીટ માંડીને બેસી જ રહેવાનું મન થાય એવું વાતાવરણ હતું."ઘણા વર્ષ પછી પહેલીવાર આવી નિરાંતવી સવાર માણી, ખરૂં ને ?" નાયકે પૂછ્યું. સેનાં તાજગીભર્યા ચહેરાં હકારની ચાડી ખાતાં હતાં."અંકલ ! મારૂં બ્રશ ક્યાં હશે ? શું હું ભૂલી ગયો છું ?"

"ભૂલી જાવ, જંગલમાં આ વૃક્ષો પાસે જ બ્રશ માંગી લેવાનું."

"એટલે ?" વિશુ દિશુ ધરા ત્રણેય બોલી ઊઠ્યાં."ડાળખી ! કેટલાક ઝાડની ડાળીનું દાતણ વાપરો. ચાવી ચાવીને રસ ચૂસો, ચગળો, પીઓ, ગળી જાવ. બ્રશ બનાવી લો, દાંત પર ઘસો. ચીરી વડે ઊલ ઊતારો, જીભ સાફ કરો. ત્વં નો દેહિ વનસ્પતે ! અર્થાત હે વનસ્પતિ ! તું અમને આરોગ્ય આયુષ્ય આપો."

"કયા ઝાડની ડાળી ચાલશે ?" વિશુએ પૂછ્યું.

"જેવી વ્યક્તિ તેવું બ્રશ – તેવું દાતણ.""આજથી આપણે ખાંડ અને દૂધ વગરની ચા પીવાની છે. કારણ કે દૂધનો પાઉડર અને થોડું દૂધ બચ્યું હીરો માટે જોઈશે. બરાબર ? અહીં નજીકમાં જ તુલસી અને ડમરાનાં ઝૂંડેઝૂંડ છે. ચા બનાવવા માટે જરૂરી ચાની પત્તી, મરી, ઈલાયચી, આદુ, તુલસી, ફુદીનોને ગોળ વગેરેનો પૂરતો જથ્થો છે. પેલાં ખાનાવાળા ડબ્બામાં ભરેલું છે. ચાલો, ચા બનાવતાં શીખી લો.... ને હાં આને કાવો પણ કહેવાય." નાયકે જોયું કે બાળકો તેને જોઈને મુસ્કુરાઈ રહ્યાં હતાં.

ચલો ચલો ભૈ આગે કદમ (૨) ચલતે રહના હૈ હમ–કદમ કદમ મિલાવી કદમ કદમ (૨) હાથ ઝાલીને ઓય હમદમ જેવું આવડે તેવું બબડતાં ગાતાં તેઓ જીપગાડીની આસપાસમાં જ તેઓ ફરવા નીકળ્યાં હતાં. સાગ, સાલ, મહુડો ને ખેર જેવા વિવિધ વૃક્ષોનો ફરક સમજવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. અનેક છોડવાઓ ઓળખવાની કોશિશ ચાલુ રહેવાની હતી. વિજયસિંહ તેઓ રસ્તો ભૂલી ન જાય એ માટે પથ્થરની ઢગલીઓ કરવાનું શીખવવા લાગ્યા. જીપ પર બાંધેલી લાકડી પર ઊંચે બાંધેલી ઝંડી દેખાય એટલે દૂર તેઓ જવાનાં હતાં. આગળ વધતાં તેઓએ આમળાંના ઝાડ જોયાં. ટાબરિયાઓ નીચે પડેલાં કાચાં પાકાં આમળાં ઘેલાં ઘેલાં થઈ વીણવાં લાગ્યાં. વિશ્વે વિજય અંકલને આમળાંના ઝાડ પરનાં ફળનાં ઝૂમખાં બતાવ્યાં. તેને હજી ઝાડ પરનાં ફળોનો લોભ હતો. દિશાએ એ નિહાળ્યું.એક સરસ વાત તેનાથી કહેવાઈ ગઈ, "ઊંહું ! ઝાડ પરનાં ફળ ઝાડનાં જ છે. એ છીનવી ન લેવાય. લેવા જેવાં હશે તો તે જ આપણને આપશે."ત્યાંથી આગળ બે અજાણ્યા ફળાઉ ઝાડ દેખાયા. એ પણ વીણાવાં માંડ્યાં. પણ નાયકે કહ્યું કે આમ અજાણ્યા ફળ ન ખાવા જોઈએ. તેથી તેઓએ ત્યાં જ ફેંકી દીધાં. હવે ખુશનસીબ નાયકને એક વિશાળ ઝાડ પર ઊંચે તોતિંગ મધપૂડો દેખાયો. તેણે ટાબરિયાંઓને રસ્તો શોધી જાતે જાતે જીપગાડી પાસે જઈને ગાડીમાં ભરાઈ જવા કહ્યું.વીસેક મિનિટ પછી નાયક પુષ્કળ મધ સાથે જીપગાડી પાસે આવ્યો અને હાક મારી. "બાળકો, બહાર આવી જાઓ ! આજે ભવ્ય ઊજાણી કરીશું. ચોખ્ખું મધ એટલે અમૃત જ સમજો. મધ ઉત્તમ ઔષધ છે. ને તેમાં ફકત તેર મહિનાના બાળક એટલે કે આપણા હીરો માટે ઉત્તમ ખોરાક છે. આ હીરોને ચાટવા માટે આપો. ને હાં કીડીથી સાચવજો. હું શીશાઓ ભરી દઉં છું."

એ રાત્રે.... ધરાની આંખો અચાનક ખુલી ગઈ. બહાર ધક્કો લાગવાથી જીપગાડી હચમચી ગઈ હોય એવું લાગ્યું. તાપણું ભમભમ સળગી રહ્યું હતું. એનાં અજવાળામાં જોયું તો ધરાની આંખો ફાટી ગઈ. પપ્પા એક ઝરખ સામે ઝઝૂમી રહ્યા હતા. ધારિયા વડે ઝરખ પર પ્રહાર કરી રહ્યા હતા. પરંતુ એ પ્રહાર ચૂકાવી દેતું હતું. પાછળ પણ હટતું ન હતું. એક સીધો ફટકો તેને વાગી ગયો. ને કદાચ જખ્મી થઈને એ ભાગ્યું. બાંય વગરનાં ટીશર્ટમાં ભરાવદાર બાવડાં ધરાવતા પપ્પા મહાભારતના ભીમ જેવા લાગતા હતા. વિ આંખો ચોળતો બેઠો થઈ ગયો ને તેની તરફની બારીનો કાચ ખોલવા લાગ્યો. તરત જ કરડો ચહેરો કરીને તેને બારી ન ખોલવાનો સંકેત કર્યો. બારી ખોલ બંધ કરવામાં અવાજ આવ્યો હશે એને કારણે નાયકનું પ્રયાન તેમની તરફ ગયું. ને એ જ ક્ષણે બીજું ઝરખ બીજી તરફથી જીપગાડી તરફ ધસી આવ્યું. કદાચ ગંધને કારણે કે કોઈ પણ કારણે... પડછંદ શરીર ધરાવતાં નાયકે આંખનાં પલકારામાં તાપણામાંથી બબ્બે સળગતાં લાકડાં ઉપાડીને ઝરખ તરફ વીંઝ્યાં. એકાદું લાકડું એનાં મોઢાંને અડડ્યું પણ ખરું. જે હોય તે પણ એ જાનવરને આવા ઓચિંતા પ્રતિકારની અપેક્ષા નહોતી. તે પાછલાં પગે બેત્રણ ડગલાં હટ્યું ને ભાગ્યું. ધરા ને વિશુએ હાશકારો અનુભવ્યો. જવાંમર્દ નાયક હસી રહ્યો. તેણે ધરા–વિશુને સૂઈ જવા માટે ઈશારો કર્યો. કદાચ તેઓ કોઈક હાલરડું ગણગણી રહ્યા હતા. ધરાએ વિચાર્યું, "મમ્મા હીરોને સુવડાવવા ખુશ કરવા જે બે–ત્રણ હાલરડાં ગાય છે એ જ ગાઈ રહ્યા હશે."ચૂંદડીમાંથી અમૃત વરસ્યું, ને પીવે ભાગ્યશાળી બાળ– આઝાદીની ગાથા ગાવે; ઝણણણ ઝણ ઝાલરો વાગે. બાલુડાંને નીંદરૂં ના'વે; મા ભારતી પ્રેમે ઝુલાવે.

**(જંગલમાં ટાબરિયાંઓનો જંગ)**

# રાષ્ટ્રપતિના હાથે બહાદુર બાળકોનું સન્માન

બહાદુર, હિંમતવાન અને રિસર્ચ કરનાર બાળકોનું સમ્માન કરાયું

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧૮ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અસાધારણ રીતે સિદ્ધિ હાંસલ કરનારા બાળકોને વર્ષ ૨૦૨૫ના 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કર્યા.



**અજય રાજ (૯) આગ્રા, ઉત્તરપ્રદેશ (બહાદુરી માટે)**

અજય રાજ (૯) આગ્રા, ઉત્તરપ્રદેશ (બહાદુરી માટે)


ગામની નદી પાસે મગર હુમલા દરમિયાન તેણે પિતાનો જીવ બચાવીને અસાધારણ હિંમત બતાવી. જયારે મગરે તેના પિતાનો પગ પકડી લીધો અને તેમને પાણીમાં ખેંચવાનો પ્રવાસ કર્યો ત્યારે અજયે નિર્ભયતાથી લાકડી વડે ત્યાં સુધી વાર કર્યો જયાં સુધી મગરે તેમને છોડયા નહીં.



**પૂજા (૧૭) બારાબંકી (ઉત્તરપ્રદેશ) (પર્યાવરણ માટે)**

સુદૂર ગામની રહેવાસી પૂજાએ ઘઉં કાપણી મશીનોથી કૃષિ વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે ચાફ ડસ્ટ અલગ કરવાનું મશીન વિકસાવ્યું છે. તેને અનેક પુરસ્કારો મળ્યા છે. જાપાનમાં સકુરા સાયન્સ એક્સચેન્જ પ્રોગ્રામ (૨૦૨૫) માટે પસંદ થઈ હતી.

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

૧. ભુખ તરસને સહન કરવાની ટેવ પાડો.
૨. આંખ અને કાન એ ભગવાનને હદયમાં દાખલ કરવાના દેશના બે દરવાજા છે.
૩. આંખ અને કાન બન્ને પવિત્ર રાખો.
૪. ઈશ્વર જે સ્થિતિમાં રાખે, તેમાં સંતોષ માની ઈશ્વર સ્મરણ કરવું જોઈએ.
૫. શરીર પરમાત્માને અર્પણ કરજો, તો તમારૂ કલ્યાણ થશે.
૬. જે હાથથી કૃષ્ણ સેવા થતી નથી, જે હાથ પરોપકારમાં ઘસાય નહીં તે હાથ મડદાના છે.
૭. સંધ્યા કરવાની બુધ્ધિ સતેજ થાય છે.
૮. કોઈપણ રીતે મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુ પ્રેમમાં જોડી રાખો.
૯. મનમાં અનેક જન્મોનાં મેલ ભળ્યા છે.
૧૦. મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## હસે, તેના નસીબ આડેના પાંદડાં ખસે !

પૃથ્વી પરની સર્વ સજીવ સૃષ્ટિમાં માત્ર માણસ જ હાસ્ય ન વાણીનું વિરલ વરદાન પામ્યો છે, પણ મોટાભાગના તેનો સાઈપૂર્વક ઉપયોગ કરતા હોય છે. લગભગ મૂંગાની કક્ષાના તભાષી અને અતિ પરિશ્રમે – ભાગ્યે જ હસી શકતા લોકો ણ વગર ગંભીરતાના વાયરસ વાતાવરણમાં ફેલાવતા રહે એવા લોકો મોટાભાગે હદયરોગના હુમલામાં 'ઉકલમ્' થતા ય છે. શહેરોમાં હસવા માટે લાફીંગ કલબમાં જવું નિવાર્ય બનવા લાગ્યું છે. નૈસર્ગિક, મુકત, ખડાટ, ખુલ્લું અટ્ટહાસ્ય માનવીને બક્ષિસમાં ષ નાનપણ આપતું હોય છે. જો કે, કારણ ર હસનારા 'ગાડા'માં અને વિના કારણે લનારા 'લપિયા' ખપી જતા હોય છે. હેમંતના કાશ જેવું સ્વચ્છ – નિરભ્ર મન ધરાવનારનું ષ હાસ્ય કોને ન આકર્ષે ?

# રાજકારણ સાચું સેવા ક્ષેત્ર

આધુનિક સમયમાં પણ આપણને ધર્મકારણમાં એવા કેટલાક મહાપુરૂષો જોવા મળે છે કે જેઓ જો રાજકારણમાં હોત તો વધુ લોકો સુધી તેઓના આત્માનો ઉજાસ પહોંચી શકયો હોત એમ લાગે. લોકસેવા

## જ્ઞાનજયોતિ

શ્રી ગિજુભાઈ ભરાડ

માટે આપણે ત્યાં અનેક લોકો કાર્યરત છે પણ રાજકારણ જેવું શ્રેષ્ઠ ક્ષેત્ર તો એકેય નથી કારણ કે એમાં ઊંચાઈ પર પહોંચ્યા પછી તમારા હદયની નિષ્ઠા અને ઉચ્ચ સ્તરની દષ્ટિ સંપન્નતાને કારણે તમારો એકે એક સારો નિર્ણય કરોડો લોકોની જિંદગીને પ્રભાવિત કરે છે. એક સાધુ પુરૂષને આટલી ઊંચાઈએ પહોંચતા આખું જીવન લાગે ત્યારે રાજકારણથી માત્ર પાંચ જ વર્ષમાં લોકજીવનનું ચિત્ર બદલાવવા સમર્થ હોય છે. આઝાદી પછીના વર્ષોમાં બધા એકથી એક ચડિયાતા રાજપુરૂષોથી ભારતમાતાનું આંગણું છલકાતું હતું. વચ્ચેના વર્ષોમાં આ આંગણામાં વરૂ, જરખ, કૂતરા, શિયાળ એવા પ્રાણીઓ પણ આવી ગયા. પણ હવે ફરી નવી પેઢીમાંથી આપણને મહાન રાજપુરૂષો મળવાની આશા બંધાય એવા ઉદાહરણો ક્ષિતિજે દેખાવા લાગ્યા છે.

# દીકરી ગમે તે ઉંમરે માવતરની રહે

દીકરી માવતરનો નાતો અતૂટ હોય છે. દીકરો પગભર થતાં કોઈનો થઈ જાય એવું બને. પણ

## દીકરી વ્હાલનો દરીયો

લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

દીકરી ગમે તે ઉમરે કોઈની હોવા છતાં એ અંતર મનથી માવતરની થઈને જ રહે છે. ડોશી મરે તોયે પિયરની ખાંપણ પહોંચે તેવો દીકરી સાથેનો અતૂટ પ્રેમ સંબંધ આપણી સંસ્કૃતિમાં છે. ત્રીજી પેઢીએ પણ દાદાને વ્હાલી દીકરી.

# બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. મારે રમવું કયાં ? મારે કૂદવું કયાં ? મારે ગાવું કયાં ? મારે કોની સાથે વાતો કરવી ? બોલું તો બાને ગરબડ લાગે. રમું તો પિતાજી વઢે. કૂદું તો બેસી જવાનું કહે. ગાઉં તો મૂંગા રહેવાનું કહે. કોઈ કહેશો, મારે કયાં જવું ? – ગિજુભાઈ બધેકા
૨. બાળકો ઉપર તમારા સ્વપ્નો લાદશો નહીં, એનાં સ્વપ્નો તમે અપનાવજો. કારણ કે – તમે ગઈ કાલ છો. બાળક આવતી કાલ છે. – ખલીલ જિબ્રાન
૩. દરેક માણસ પાછળ એક બાળક છૂપાયેલું હોય છે, જેને રમવાનું ગમે છે. – ફેડરિક નિત્સે
૪. બાળક જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને, વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હદય હદયનાં વંદન તેને ! છે. – ઉમાશંકર જોષી
૫. બાળકનો દેહ નાનો છે પણ તેનો આત્મા મહાન છે. બાળકનો દેહ બંધાતો છે, શકિતઓ ખીલતી છે. પણ તેનો આત્મ સંપુર્ણ છે. તેનું સન્માન કરીએ. બાળકના શુધ્ધ આત્માને આપણી નીતિરીતિથી ભ્રષ્ટ અને કલુષિત ન કરીએ. – ગિજુભાઈ બધેકા
૬. "ઊંઘી જા, નહીતર બાવો પડકી જશે, ખાઈ લે નહિતર ચોર ઉપાડી જશે. બાઘડો આવ્યો, બાવો આવ્યો, સિપાઈ આવ્યો, છાનો રહે, નહિતર ઓરડીમાં પૂરી દઈશ. વાંચવા બેસ, નહિતર માર ખાઈશ." આ રીતે બાળકને ડરાવે તે તેના દુશ્મન છે. – ગિજુભાઈ બધેકા
૭. બાળકોનું કલ્યાણ એ જ આપણું કર્તવ્ય ! બાળકોના અધિકારોનું જતન, એ જ આપણું કર્મ ! બાળકોના મુખ પરનું સ્મિત એ જ આપણું પરમ સુખ ! – ખલીલ જિબ્રાન
૮. બાળકને કેળવણી આપવાનું કાર્ય દુનિયાનું શ્રેષ્ઠ કર્મ છે – ઉમાશંકર જોષી
૯. માણસની ઘણીખરી કેળવણી બચપણમાં પૂરી થાય છે. તેનું ચારિત્ર્ય ઘડાય છે મા–બાપના ખોળામાં. – ઉમાશંકર જોષી
૧૦. બાળકને નિર્દોષ અને પ્રેમાળ કૌટુંબિક વાતાવરણ મળે એ જ અગત્યનું છે. શુધ્ધ વાત્સલ્યનો આસ્વાદ મળતો હોય ત્યાં જ તેનું જીવન સુરક્ષિત રહે છે. – કાકાસાહેબ કાલેલકર

# રોતલ દેડકી - લતા હિરાણી

એક હતી દેડકી. એનું નામ હતું રૂબી પણ જયારે જુઓ ત્યારે એ રોતી જ હોય. એટલે જંગલમાં બધાએ એનું નામ પાડી દીધું રોતલ દેડકી ! એ સાવ ધીમું ધીમું બોલે 'ડ્રાંઉ ડ્રાંઉ' અને બધાને સંભળાય 'વાંઉ વાંઉ.' એ જેવી કૂવા પાસે આવે અને બધા દેડકા નાસી જાય, 'એ રોતલ દેડકી આવી, 'ભાગો રે ભાઈ, ભાગો'. આ દેડકી કોઈને ગમે નહીં.


એ કનુ કાચબા પાસે ગઈ. 'જુઓને કનુકાકા, આ કોઈ દેડકા મારી દોસ્તી કરતા નથી. હું જઉં ને બધા ભાગી જાય છે.' કહેતા રૂબી રડવા માંડી. કનુ કાચબો કહે, 'બસ આ જ તારી મુશ્કેલી છે ને ! જયારે જુઓ ત્યારે ફરિયાદ ને ફરિયાદ, રડતી ને રડતી ! પછી તારી સાથે કોણ દોસ્તી કરે? એવામાં ત્યાં અપ્પુ ઉંદર આવ્યો.'

કનુ કાચબો કહે, 'રડવાનું બંધ કર. ચાલ અપ્પુ સાથે દોસ્તી કર.' અપ્પુ ઉંદર કહે, 'ના બાબા ના, એક વાર એ મારી સાથે રમવા આવી હતી. મને એ વખતે બહુ ભૂખ લાગી હતી. મેં કહ્યું, 'તું બેસ, હું થોડા દાણા, ખાઈ લઉં તો એ રડવા માંડી. એવું થોડું ચાલે, ભઈ !''અરે પણ એમાં રડવાનું શું ?' કનુ કાચબાએ પૂછ્યું.

'મને પણ ભૂખ લાગીહોય! મારે પણ કંઈક ખાવું હતું. તેં મને પૂછ્યું કેમ નહીં? એવું કહીને એ રડી. ભૂખ લાગી હોય તો એ પણ ખાઈ લે. મેં ક્યાં ના પાડી હતી ?' અપ્પુ ઉંદર બોલ્યો.

'વાત તો તારી સાચી,' હજી કનુ કાચબો અપ્પુ ઉંદરને સમજાવે એ પહેલાં એ નાસી ગયો.

રૂબી દેડકી નિરાશ થઈ ગઈ. આગળ ગઈ તો ત્યાં મોટો કૂવો હતો. કૂવાકાંઠે પથ્થરો ઘસાઈ–ઘસાઈને ગોળ થઈ ગયા



હતા. રૂબી દેડકી કૂદવા ગઈ પણ એનો પણ લપસ્યો. એ પડી પાણીમાં. વળી રડવા લાગી, 'મને ખબર છે. આ ગરબબડયા પથ્થરોનો જ વાંક છે. એણે મને પછાડી દીધી.'

ત્યાં ફરતા બધા અળસિયા હસવા માંડ્યાં. 'જુઓ જુઓ, આ રોતલ દેડકી.''એક તો મને વાગ્યું અને ઉપરથી તમે મને રોતલ દેડકી કહીને હસો છો ?' 'રોતલ, રોતલ ને રોતલ. એક વાર નહીં સાત વાર રોતલ. તું જયાં સુધી રડતી રહીશ ત્યાં સુધી અમે તને રોતલ કહીશું.'

રૂબી દેડકી રડતી રડતી પોતાના ઘર તરફ જતી હતી ત્યાં રસ્તામાં એને ક્યૂટ કાચિંડો મળ્યો, 'ઓહો, હજી તારૂં રડવાનું ચાલે છે ?'

'પ્લીઝ, તું મને હેરાન ના કર ને ! એક તો મારી દોસ્તી કોઈ નથી કરતું. ને ઉપરથી બધા હેરાન કરે છે.'

'તારે ફ્રેન્ડની જરૂર છે ખરી ?'

'હાસ્તો વળી.'

'તો સાંભળ મારી વાત. તારે વાતે વાતે રડવાનું બંધ કરવું પડશે. એ વગર તારી દોસ્તી કોઈ નહીં કરે.''તે મને કંઈ શોખ નથી થતો રડવાનો !'

'પણ તને રડવું બહુ આવે છે એ તો સાચી વાત કે નહીં ? રોતી સૂરત કોઈને ન ગમે. તું એક વાર નક્કી કર કે હવેથી હું નહીં રડું. પછી જોઈ લે, કોની મજાલ છે કે તને રડાવે ?''એવું કેવી રીતે થાય ?''સાવ સહેલું છે. સવારના ઊઠીને મનમાં દસ વાર બોલી જા. નહીં રડું, નહીં રડું નહીં રડું. રડવું આવે ત્યારે આ વાત યાદ કરીને મન મક્કમ કરી લેવાનું.''સાચે જ એ એટલું સહેલું છે ?''સવાલ જ નથી. બસ તું નક્કી કર એટલે કામ પૂઢં. હવે આજે તું તારા ઘરે જા આપણે ફરી મળીશું, બાય.' ક્યૂટ કાચિંડો ચાલતો થયો.

રૂબી દેડકી વિચારમાં પડી ગઈ. રોજ એને કંઈ ને કંઈ વાતે રડવું આવતું એટલે એ દુબળી થઈ ગઈ હતી. એની આંખો ઝીણી થઈ ગઈ હતી.**(ક્રમશઃ)**

# વ્યવહારૂ બુદ્ધિ

કાશી નગરીમાં એક ખૂબ જ જાણીતો જયોતિષી હતો. સામાન્ય રીતે લોકો એને નામથી ન ઓળખતા, પણ જયોતિષાચાર્યથી જ ઓળખતા. નામ એનું સીતારામ.એ વખતે સીતારામનું બહુ મોટું નામ. જન્મ–કુંડળી જોઈને એ જે કાંઈ ભવિષ્ય ભાખે, એ પ્રમાણે જ થાય. એનું વચન ક્યારેય મિથ્યા ન બને. લોકોને તો એના પર અપાર શ્રદ્ધા, પણ કાશીનરેશને ય સીતારામ જયોતિષાચાર્ય પર અતૂટ વિાસ ! જયોતિષ–શાસ્ત્ર પર એનો કાબૂ અજબગજબનો. ગણિતમાં અને ફળાદેશમાં એ એકદમ પાકો.પણ કુદરતનો ક્રમ જ એવો છે કે આવો તૈયાર માણસ ક્યારેક ગોથું ખાય ! એ થાપ ખાય, ત્યારે નાનીસુની થાપ ન હોય. એમાં ય જયારે એણે ભાખેલું પોતાની બાબતમાં, પોતાના કુટુંબમાં જ ખોટું પડે, ત્યારે તો મોટો હાહાકાર મચી જાય !જયોતિષાચાર્ય સીતારામની બાબતમાં પણ એવું જ બન્યું. વાત એમ બની કે એને ત્યાં સંતાનનો જન્મ થવાનો હતો.સીતારામ પોતાના આંગણામાં બેઠો હતો. જયારે દાયણ એની પાસેથી પસાર થઈ, ત્યારે અના હાથમાં લીંબુ આપીને એ બોલ્યો :'જો બાળકનો જન્મ થાય કે તરત જ આ લીંબુ મારી તરફ દદડાવજે. જોજે, એમાં મોડું ન થવું જોઈએ. મારે એની જન્મકુંડળી બનાવવી છે, તેથી જન્મન ચક્કસ સમય જોઈએ.'લીંબુ લઈને દાયણ ઉપરના ઓરડામાં જતી રહી. પંડિત સીતારામ કલમ, કાગળ, પંચાગ વગેરે સામગ્રી લઈને જન્મકુંડળી માંડવા તૈયાર બેઠો. થોડીવાર પછી જયોતિષીની પત્નીએ પુત્રને જન્મ દીધો. પુત્રજન્મ થતાં જ દાયણ ગભરાઈ ગઈ. બન્યું એવું કે જન્મ થયો, પણ જન્મતાં જ એ પુત્ર સાનભાન વિનાનો હતો ! એથી બાળક રડયું જ નહિ. દાયણ ગભરાય. એને ફાળ પડી કે જો જન્મ થતાં જ બાળક રડે નહિ, તો તે બચે ક્યાંથી ? દાયણે બાળકને બચાવવાના દેશી નુસ્ખાઓ શરૂ કર્યા. તેણે તે બાળકની કમર પર બે – ચાર થપાટો મારી. એને પરિણામે એ બાળક ાસ લેવા લાગ્યું. પછી તે દાયણે બાળકને ખૂબ ઢંઢોળયું. થોડીવારે એ બાળક રડ્યું.

## સંસ્કાર ગાથા

શ્રી ગિજુભાઈ ભરાડ — પૂ.શ્રી મુકતાનંદ બાપુ

દાયણના જીવમાં માંડ જીવ આવ્યો ! તે થોડીક સ્વસ્થ થઈ, એટલે એને લીંબુ પંડિત સીતારામ તરફ દદડાવી દીધું. પણ ત્યાં સુધીમાં તો ઠીકઠીક મોડું થયેલું. જન્મસમયને લીંબુ દદડાવવાના સમયમાં સારૂં એવું અંતર હતું ! બાળકના જન્મ થયાને પંદરેક મિનિટ વીતી ગઈ હતી.

પંડિત સીતારામ તો આંગણામાં બેઠો હતો. એ તો લીંબુ એની પાસે પહોંચે, એ સમયને જબાળકના જન્મનો સમય ગણે ને ? સુવાવડના ઓરડામાં શું બન્યું હોય, એની જાણ તો એને ક્યાંથી હોય ?


સીતારામે પંચાગ ખોલ્યું ને તે જન્મકુંડળી બનાવવામાં ગૂંથાઈ ગયો. એણે સમય બરાબર નોંધ્યો હતો. જન્મકુંડળી તૈયાર થયા પછી એ તેને તપાસવા લાગ્યો. ગણતરી કરતાં–કરતાં એના કપાળ પર ચિંતાની ઘેરી રેખાઓ અંકાવા લાગી !એ ફરીફરી ગણતરી કરવા લાગ્યો, પણ ફળાદેશમાં કાંઈ ફેર ન પડ્યો.જન્મકુંડળી પ્રમાણે તો એ સ્પષ્ટ હતું કે પુત્રદર્શન થતાં જ પિતાનું મૃત્યુ થશે. એ પ્રકાંડ પંડિત હોવાથી જન્મકુંડળી બીજાને દેખાડવાન પણ કશો અર્થ નહોતો.

આંગણામાં બેઠાબેઠા ખૂબ વલોપાત કર્યો. એ દુર્ઘટનામાંથી છૂટકારાનો કોઈ ઉપાય ન હોવાથી સિતારામ વિચારવા લાગ્યો :

'પુત્રનું મો જોતાં જ મારૂં મૃત્યુ થશે, પણ હું પુત્રનું મોં જોઉં જ નહિ, તો ?'

એનાથી આકરો નિર્ણય લેવાઈ ગયો. પંડિત સીતારામે, એ જ ઘડીએ, કોઈને કહ્યા વિના ઘર છોડીને ચાલવા માંડ્યું.**(ક્રમશઃ)**

# આ મારું ચિત્ર છે




શીતલ ચતુરભાઈ ઢેઢુલા
( ધો.૮)




સોલંકી દર્શન આર.
( ધો.૫, રૂપાયતન પ્રાથમિક શાળા )



ડાભી કુપાલી ભરતભાઈ
( ધો.૮, શ્રી પાણિયા પ્રાથમિક શાળા )



શાયર વિપુલભાઈ વાઘેલા
(ધોરણ : ૮, પાણિયા પ્રા.શાળા અમરેલી )

# વલારડી ખાતેથી શિવકથાનાં ઉપલક્ષમાં ઐતિહાસિક ''ગંગાજળ રથ''નું પ્રસ્થાન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના વલારડી મુકામે આવેલ દિવ્યધામ વલારડી દ્વારા આયોજિત આગામી ભવ્ય શિવકથાના દિવ્ય આમંત્રણના ભાગરૂપે એક અત્યંત પ્રેરણાદાયી અને ઐતિહાસિક ગંગાજળ રથ પ્રસ્થાન મહોત્સવ આધ્યાત્મિક ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો. જે અંતર્ગત કાર્યક્રમની મંગલ શરૂઆત શાસ્ત્રોકત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. જેમાં ગંગાજળથી સુશોભિત પવિત્ર રથનું વિધિવત પૂજન–અર્ચન કર્યા બાદ માતાજીના જયઘોષ અને હર હર મહાદેવના ગુંજતા નાદ વચ્ચે રથને ભકિતમય માહોલમાં પ્રસ્થાન કરાવવામાં આવ્યો હતો અને આ પ્રસંગે સમગ્ર વાતાવરણ શ્રદ્ધા અને ઉત્સાહથી ઓતપ્રોત બની ગયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભકતો, ગ્રામજનો તેમજ યુવાનોએ ઉપસ્થિત રહીને ગંગાજળ અર્પણ કરી શિવલિંગ પર અભિષેકનો દિવ્ય લ્હાવો લીધો હતો તેમજ આગામી તા. ૧૯ માર્ચથી તા. ૨૭ માર્ચ દરમિયાન યોજાનારી શિવકથામાં સહભાગી થવાના ભાવપૂર્વક સંકલ્પ લીધા હતા. વિશેષમાં આ ગંગાજળ રથ હવે સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં ભ્રમણ કરીને શિવકથાનું નિમંત્રણ પાઠવશે અને દરેક ગામમાં ધાર્મિક જાગૃતિ તથા ભકિતમય માહોલ સર્જશે. જે અંગે દિવ્યધામના આગેવાનોએ જણાવ્યું હતું કે આ યાત્રા માત્ર એક આમંત્રણ નથી પરંતુ આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને એકતાનો પવિત્ર સંદેશ છે અને અંતમાં આ સમગ્ર આયોજન સફળતાપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થવા બદલ આયોજકોએ તમામ સહયોગીઓ અને ભકતજનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરી આગામી શિવકથામાં વિશાળ સંખ્યામાં ઉમટી પડવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું હતું.

### ''જવેલ્સ ઓફ ઈન્ડિયા'' અને ''ભારત કી શાન ભારત કા અભિયાન''

## ચલાલા : ડો. રતિદાદાનાં સુપુત્ર પરેશભાઈ મહેતાનું દિલ્હી ખાતે સન્માન કરાયુ

### કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે એવોર્ડ એનાયત કર્યો




ચલાલા, તા. ૨૦

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાના મેનેજિંગ ટ્રસ્ટી પ.પુ. સંત ડો. રતિદાદાના સુપુત્ર તથા સમાજસેવામાં સદા અગ્રેસર રહેતા ભારતભૂષણ મહેશભાઈ મહેતાના તેમજ યુગાન્ડા (કંપાલા)ના ભારતીય સમુદાયના અધ્યક્ષ પરેશભાઈ મહેતાને તાજેતરમાં દિલ્હી ખાતે કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતના વરદહસ્તે ''જવેલ્સ ઓફ ઈન્ડિયા'' ''ભારત કી શાન, ભારત કા અભિયાન'' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

આ એવોર્ડ તેમણે સમગ્ર યુગાન્ડા અને ભારત તેમજ ગાયત્રી પરિવાર સનાતન ધર્મ, બ્રહ્મસમાજ અને ગાયત્રી સંસ્કાર ધામ – ચલાલનું ગૌર વધાર્યુ છે. પુ. દાદા મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા તેમજ સમગ્ર ગાયત્રી એજયુકેશન ગ્રુપના સ્ટાફગણ દ્વારા પરેશભાઈને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. એવોર્ડ મેળ વવાની સાથે ચોતરફથી અભિનંદનનો પ્રવાહ વધ્યો હતો.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

## ચલાલા : પાલિકામાં આધાર કાર્ડની કિટ ફરી શરૂ કરવા માંગ

ચલાલા, તા. ૨૦

ચલાલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોની સુવિધા માટે નગરપાલિકા કચેરીમાં બંધ પડેલી આધાર કાર્ડની કામગીરી ફરીથી સત્વરે શરૂ કરવા માટે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવી છે. ચલાલા નગરપાલિકાના કારોબારી ચેરમેન જયશ્રીબેન ભરતભાઈ સોલંકી દ્વારા ધારી મામલતદારને સંબોધીને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, અગાઉ નગરપાલિકામાં આધાર કાર્ડની કિટ કાર્યરત હતી જે હાલ ઘણા સમયથી બંધ હાલતમાં છે. હાલમાં માત્ર પોસ્ટ ઓફિસમાં એક જ કિટ ચાલુ છે, પરંતુ ત્યાં પણ દિવસ દરમિયાન માંડ ૧૦ થી ૧૨ જેટલા જ ફોર્મ સ્વીકારવામાં આવતા હોવાથી અનેક અરજદારોને કામ કરાવ્યા વગર જ નિરાશ થઈને પરત ફરવું પડે છે.

ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતા બાળકોને નવા પ્રવેશ માટે આધાર કાર્ડમાં વિગતો સુધારવી કે બાયોમેટ્રિક અપડેટ કરાવવું અત્યંત જરૂરી હોય છે, ત્યારે કિટ બંધ હોવાને કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને આધાર કાર્ડના સામાન્ય સુધારા માટે પણ ધરમધક્કા ખાવા પડે છે અને અન્ય સ્થળોએ જવું પડતું હોવાથી સમય તથા નાણાંનો વ્યય થાય છે. આ ગંભીર પ્રશ્નનો ઉકેલ લાવવા માટે અને પ્રજા હિતમાં ચલાલા નગરપાલિકામાં આધાર કાર્ડની કિટ કાયમી ધોરણે ફરી શરૂ કરવા માટે યોગ્ય નિર્ણય લેવાની માંગ કરવામાં આવી છે.

### ''સશકત યુવા અને ભગવદ્ ગીતા'' વિષય ઉપર

## અમરેલી ખાતે શ્રીમતી વસંતબેન એન. વ્યાસ હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં પરિસંવાદ યોજાયો

### કર્મભુમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થયુ આયોજન

અમરેલી, તા. ૨૦

અમરેલી : શ્રીમતી વસંતબેન એન.વ્યાસ હોમીઓપેથીક મેડિકલ કોલેજ – અમરેલી અને રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ – અમરેલીના સંયુકત ઉપક્રમે આજરોજ 'સશકત યુવા અને ભગવદ્ ગીતા' પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતો. અધ્યાપક ભાઈ – બહેનોએ આગંતુકોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ જિલ્લા ભા.જ.પ. અને જિલ્લા પંચાયત પ્રમુખ શરદભાઈ લાખાણી, વિઠ્ઠલભાઈ ડોબરિયા અને નગર પાલિકા સદસ્યા શ્રીમતી કોમલબેન રામાણી ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલીયાએ ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો. શરદભાઈ લાખાણી અને કોમલબેન રામાણીએ પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે ડો. દર્શન સરવૈયાએ ખુબ જ રસપ્રદ શૈલીમાં ગીતાના શ્લોકોનું પઠન કરી કોલેજના વિદ્યાર્થી ભાઈઓ – બહેનોને સમજણ આપી હતી. ઉપરાંત જીવનમાં ભગવદ્ ગીતાનુ મહત્વ સમજાવ્યું હતુ. તેમના વકતવ્ય બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. પ્રશ્નોતરી દરમ્યાન વિદ્યાર્થી ભાઈ – બહેનોના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ માટે સુંદર વ્યવસ્થા બદલ કોલેજના તમામ કર્મચારીઓનો ટ્રસ્ટ વતી મનીષભાઈ સિધપરાએ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા પ્રા.જે.એમ. તળાવિયાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુશીલાબેન નાડોદા અને દિપકભાઈ દાફડાએ કર્યુ હતું.



### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં શહેરીજનો પાસેથી

આવા બાકીદારો સામે કોઈ પણની શેહશરમ રાખ્યા વગર કડક કાર્યવાહી કરવામાં આવશે. નગરજનોને રોડ, સફાઈ, પાણી, લાઈટની સુવિધા જોઈએ છે પરંતુ બાકી કરવેરા ભરવા નથી.

એક તરફ અમરેલી પાલિકા શહેરીજનોની સુવિધા માટે કમરકસી રહેલ છે ત્યારે બીજી તરફ રૂા. ૧૨.૫૭ કરોડ વેરો ભરવાની દરકાર કરવામાં આવતી નથી. વેરા અધિકારી ભરત દુધરેજીયા, દિલીપ વઘાસિયા, કિશોર પટેલ, એ.પી. કાબરિયા, નીરજ કાબરિયા, પોપટ ચાવડા, જી.કે. ઝાલાવાડિયા, આરીફ ખોખર સહિતની ટીમ દ્વારા ખાસ વેરા વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**બાબરા :** દાઉદી વ્હોરા હાજીફકરૂદીનભાઈ એહમદઅલી સદીકોટનું તા. ૨૦/૨/૨૦૨૬નાં રોજ અવસાન થયેલ છે. તે મ. બતુલબેનનાં શોહર અને કુરબાનભાઈનાં મોટા ભાઈ, મ. તૈયબીભાઈ, મુસ્તફાભાઈ, મ. સમીમબેન (રાજકોટ)નાં બાવાજી તથા મુફદલ, ઈબ્રાહીમ, મુરતુજા, હુસેન, અલીહુસેન, મનસુરનાં દાદા થાય છે. તેની જીયારત શનિવાર તા. ૨૧/૨/૨૦૨૬ મગરીબની નમાજ બાદ મોટી મસ્જીદે રાખેલ છે.

**અમરેલી :** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જયંતભાઈ (દીલીપભાઈ) ભાઈશંકરભાઈ ભટ્ટ (ઉ.વ. ૭૨) તે જીતેનભાઈ, એકતાબેનના પિતાશ્રી તેમજ સ્વ. અશોકભાઈ, રજનીભાઈ, આશીષભાઈના કાકા લાભશંકરભાઈના જમાઈ તથા પ્રવિણભાઈ સંજયભાઈના બનેવીનું તા. ૧૯નાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૩ને સોમવારનાં રોજ સાંજના ૩:૩૦ થી ૬:૩૦ સહજહોલ, ચકકરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૮ | ૧૩૯૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૮૫ | ૭૮૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૩૮૫ | ૧૪૭૦ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૪૬૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૭૮૫ |
| ૫ | તલ સફેદ | ૧૪૩૫ | ૨૦૪૫ |
| ૬ | તલ કાળા | ૧૩૦૦ | ૪૩૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૬૦૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૯ | અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | ચણા | ૮૬૦ | ૧૦૫૫ |
| ૧૧ | તુવેર | ૭૮૦ | ૧૫૬૦ |
| ૧૨ | કપાસ | ૯૫૫ | ૧૬૨૦ |
| ૧૩ | એરંડા | ૧૧૭૦ | ૧૨૬૫ |
| ૧૪ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૨૫ |
| ૧૫ | રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૬ | ધાણા | ૧૪૫૫ | ૨૧૦૦ |
| ૧૭ | ધાણી | ૧૪૪૫ | ૨૯૦૦ |
| ૧૮ | અજમા | ૨૦૧૫ | ૨૦૧૫ |
| ૧૯ | સોયાબીન | ૯૫૦ | ૧૦૦૦ |
| ૨૦ | મરચા લાંબા | ૧૨૫૦ | ૫૬૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૫૦ |
| ૪ | તલ કાળા | ૩૬૦૦ | – |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૩૫૧ |
| ૬ | કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૦૭૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૫ | ૧૦૯૧ |
| ૧૩ | તુવેર | ૧૩૨૫ | ૧૫૮૧ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ૧૫ | ધાણા | ૧૫૦૦ | ૨૩૪૫ |
| ૧૬ | સોયાબીન | ૯૫૦ | ૧૦૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૬૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૩૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૫ | ૧૪૭૫ |
| ૪ | ચણા | ૯૭૯ | ૧૦૬૧ |
| ૫ | જીરૂ | ૩૦૫૯ | ૪૪૫૧ |
| ૬ | ઘઉં | ૪૭૨ | ૫૩૮ |
| ૭ | તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |
| ૮ | ધાણા | ૧૨૩૦ | ૧૯૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૪ | ૫૪૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૩૩ |
| ૫ | ધાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ૬ | ચણા સફેદ | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૭ | સોયાબીન | ૯૫૧ | ૯૯૦ |
| ૮ | મગફળી | ૧૦૧૦ | ૧૨૩૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૩૮૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | લસણ | ૬૦૦ | ૬૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૫ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૧૦૪૧ | ૧૦૪૩ |
| ૩ | સોયાબીન | ૯૮૦ | ૯૮૫ |
| ૪ | તુવેર | ૧૩૦૦ | ૧૩૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૩૧૧ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૬૪ |
| ૪ | ચણા | ૯૭૫ | ૧૦૩૬ |
| ૫ | તુવેર | ૧૨૯૯ | ૧૫૧૨ |
| ૬ | સફેદ ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૪૧૭ |
| ૨ | તલ કાળા | ૨૪૦૦ | ૩૯૫૦ |
| ૩ | તલ પીળા | ૧૯૭૧ | ૧૯૮૦ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૬૦૫ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૮૫ |
| ૭ | જુવાર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૮ | મગ | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | તુવેર | ૧૪૦૦ | ૧૫૦૫ |
| ૧૦ | ચણા | ૯૦૧ | ૧૦૩૮ |
| ૧૧ | એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૨ | ચોળી | ૮૨૧ | ૮૨૧ |

### અમરેલીના 'મિલ્ખાસિંહ'ની ભૂરખિયા સુધીની વિજયી દોડ

# અમરેલીથી ભૂરખિયા દાદાના દ્વારે ૩૧ કિમી દોડીને પહોંચ્યા અખાડાના બે રત્નો

### શિવરાત્રિએ આયુર્વેદ અને ફિટનેસનો અનોખો સંગમ



અમરેલી, તા. ૨૦

અમરેલી : શહેરના જાણીતા સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)ના બે ખમીરવંતા યુવાનોએ ફરી એકવાર પોતાની શારીરિક ક્ષમતા અને અતૂટ શ્રદ્ધાનો પરિચય આપ્યો છે. મહાશિવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે, અમરેલીના 'મિલ્ખાસિંહ' તરીકે જાણીતા ડો. નિખિલેશ જાની અને તેમના સાથી મિત્ર દીપકભાઈ બુટાણીએ અમરેલીથી ભૂરખિયા સુધીનું ૩૧ કિલોમીટરનું અંતર દોડીને કાપ્યું હતું.

શ્રદ્ધા અને શકિતનો સુમેળ આ બંને દોડવીરોએ અમરેલીના ગુરૂદત્ત પેટ્રોલ પંપથી વહેલી સવારે દોડવાની શરૂઆત કરી હતી. સતત ૪ કલાક અને ૩૬ મિનિટ સુધી દોડીને તેઓ ભૂરખિયા હનુમાનજીના મંદિરે પહોંચ્યા હતા, જયાં તેમણે દાદાના આશીર્વાદ લીધા હતા. તેમની આ સિદ્ધિ જોઈને માર્ગમાં આવતા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ દોડ પાછળનો મુખ્ય હેતુ માત્ર શ્રદ્ધા જ નહીં, પણ સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ પણ છે. વ્યવસાયે આયુર્વેદિક ડોક્ટર એવા નિખિલેશ જાની સાહેબ જણાવે છે કે : ' 'આજના ફાસ્ટ ફૂડના યુગમાં શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદિક જીવનશૈલી અને નિયમિત કસરત અનિવાર્ય છે. અખાડાની માટીમાં તૈયાર થયેલું શરીર ગમે તેવા પડકારો ઝીલવા સક્ષમ હોય છે.'' ડો. જાની પોતે આયુર્વેદિક પદ્ધતિથી આહાર અને વિહાર (જીવનશૈલી) જાળવીને યુવાનોને સંદેશ આપવા માંગે છે કે કુદરતી પદ્ધતિ અને નિયમિત રનિંગ દ્વારા ગમે તેટલું અંતર સર કરી શકાય છે. આ પહેલીવાર નથી કે આ જોડીએ આવું સાહસ કર્યુ હોય. અગાઉ ૨૦૨૪માં અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે પણ આ બંને મિત્રોએ સમર્થ વ્યાયામ મંદિરમાં ૨૨ કિલોમીટરનું રનિંગ માત્ર ૨ કલાક અને ૪૫ મિનિટમાં પૂર્ણ કરીને ભગવાન રામ પ્રત્યે પોતાની ભકિત પ્રગટ કરી હતી. આવી સાહસિક પ્રવૃત્તિઓથી અમરેલીના યુવાનોમાં ફિટનેસ પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધન્ય છે અમરેલીના આ રત્નોને !

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

# અમરેલી ખાતે બાળ સાહિત્ય પર આધારિત વ્યાખ્યાન માળા યોજાઈ

### રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા એમ.જી. જોષી ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૦

અમરેલી માતૃભાષા દિવસ નિમિત્તે બાળ સાહિત્ય પર આધારિત વ્યાખ્યાન માળા અંતર્ગત શ્રીમતી એસ એસ અજમેરા ગર્લ્સ હાઈસ્કુલમાં શ્રેષ્ઠ આચાર્ય રાષ્ટીય એવોર્ડ વિજેતા એમ.જી. જોશીના અધ્યક્ષ સ્થાનથી યોજાઈ ગયું. અતિથિ વિશેષ તરીકે શાળાના ટ્રસ્ટી રાજુભાઈ કામદાર, અનિલ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.

બાળ સાહિત્યકાર રવજીભાઈ કાચાએ માતૃભાષાના વ્યાખ્યાન માળામાં બાળવાતી અંતર્ગત બાળવાર્તાનું બંધારણ, બાળવાતી કેમ લખાય ?, વસ્તુ, સંવાદ, પરીવેશ, પાત્રો, ઘટના, જીવન મૂલ્યો, સંસ્કાર વિગેરેનો ઉલ્લેખ સાથે સહઉદાહરણ વાત કરેલી. તથા વિદ્યાર્થીનીઓ પાસે વાર્તા લેખન કરાવેલ માત્ર પાંચ મિનિટમાં સરસ બાળવાતીનું નિર્માણ થયું. ત્યારબાદ નાટ્યકાર સાહિત્યકાર વાસુદેવ સોઢા તથા પાયલબેને નાટકના વાચિકમ નમુનો પ્રસ્તુત કરેલ બાળ નાટકનું બંધારણ ઘટના, પાત્રો, સંવાદ, કથા વસ્તુ વિશેષ ચર્ચા કરી હતી. તથા મોબાઈલની આવશ્યકતા પર તત્કાલ એક વાય પ્રિભું કરી, વિદ્યાર્થીનીઓએ પ્રેરણા આપી નાટક પ્રસ્તુત કરવામાં આવેલ. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહાએ શુભેચ્છા સંદેશ આપેલ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ થયો કાર્યક્રમનું સંચાલન ડો. નિરૂપમાબેન ટાંક તથા સંયોજક કેતન જોષીએ કરાવેલ.

આચાર્ય કંચનબેન દ્વારા મહેમાનોનું સ્વાગત કરી મહેમાનોને મોમેન્ટો, પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં અને આભાર વિધિ તથા મિષ્ઠ ભોજન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલીમાં આવતીકાલે સગર સમાજના તૃતીય સમુહલગ્નનું આયોજન

### ૩૮ નવદંપતી એક સાથે પ્રભુતામાં પગલાં માંડશે

અમરેલી, તા. ૨૦

વર્તમાન સમથમાં વધતા જતા લગ્ન ખર્ચ અને સામાજિક કુરિવાજો સામે પરિવર્તનની મશાલ પ્રગટાવતા અમરેલીનાં જાણીતા 'જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા આગામી તા.૨૨ ફેબ્રુઆરી,૨૬ ના રોજ સગર સમાજના તૃતીય સમૂહ લગ્નનું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. અમરેલીના સાવરકુંડલા બાયપાસ રોડ પર આવેલી રાધેશ્યામ હોટલથી આગળ, ધાનાણી પરિવારની વાડી ખાતે આ માંગલિક પ્રસંગ યોજાશે.

આ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૩૮ નવદંપતીઓ શાસ્ત્રોકત વિધિ સાથે લગ્ન ગ્રંથિથી જોડાઈને પોતાના નૂતન જીવનની શરૂઆત કરશે. ટ્રસ્ટના યુવા કાર્યકરો અને અગ્રણીઓ દ્વારા આ પ્રસંગને યાદગાર બનાવવા માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ટ્રસ્ટના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર આ આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં વ્યાપ્ત ખોટા દેખાડા અને આર્થિક બોજને દૂર કરવાનો છે. મધ્યમ અને ગરીબ પરિવારો પર લગ્ન પ્રસંગે આવતા આર્થિક ભારણને હળવો કરી, ખર્ચાળ લગ્ન પ્રથાને તિલાંજલિ આપી 'સાદગી' અને 'સમાનતા'નો સંદેશ ફેલાવવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે.

ઉલ્લેખનીય છે કે, જય ભગીરથ યંગ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ દિલીપભાઈ ભેંસાણીયા, ઉપપ્રમુખ રસિકભાઈ પાથર, સર્વ ટ્રસ્ટી રાજેશભાઈ તેજાણી, કલ્પેશભાઈ ધંધુકીયા, દીપકભાઈ બુટાણી સહિત યુવા હોદ્દેદારો સમૂહ લગ્નના આયોજન માટે સતત કાર્યરત છે. સાથે સમાજના પ્રતિષ્ઠિત વડીલો, નવયુવાઓ, દાતાઓનો સહયોગ મળી રહ્યો છે.

# લીલીયા મોટાનો બાળ રોજદાર



લીલીયા, તા. ૨૦

હાલ મુસ્લિમ ધર્મનો પવિત્ર મહિનો એટલે રમજાન મહિનો ચાલુ થઈ ગયેલ છે ત્યારે તે મહિનામાં રોજા રાખી અલ્લાહની બંદગી અને રોજા રાખવાનું ખૂબ મહત્વ હોય છે ત્યારે મોટા લીલીયાના રહીશ હનીફભાઈ ખલીફાના માત્ર ૭ વર્ષના રીજવાને પોતાની ઝીંદગીનું પ્રથમ રોજુ રાખી અલ્લાહની બંદગી કરી હતી આખો દિવસ ભૂખ્યા તરસ્યા રહીને સાંજે રોજુ ખોલવાનું હોય ત્યારે માત્ર ૭ વર્ષના બાળક રીજવાને રોજુ રાખી અલ્લાહની બંદગી કરી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ચીન-પાક. મોઢું જોતાં રહ્યા

# ભારત-અમેરિકા વચ્ચે મોટી ડીલ, AI જગતના સૌથી મોટા ગઠબંધનમાં એન્ટ્રી

### ભારત સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિશ્વના સૌથી મોટા ગઠબંધનનો હિસ્સો બન્યું

નવી દિલ્હી, તા.૨૦

ભારતે શુક્રવારે AI સમિટ દરમિયાન અમેરિકાના નેતૃત્વ હેઠળના 'Pax Silica' (પેક્સ સિલિકા) એલાયન્સમાં જોડાવાની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં થયેલા આ કરાર સાથે જ ભારત સેમિકન્ડકટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિશ્વના સૌથી મોટા ગઠબંધનનો હિસ્સો બની ગયું છે.

આ સંગઠનનો મુખ્ય હેતુ સેમિકન્ડકટર અને રેર અર્થ મટિરિયલ્સ (Rare Earth Materials) ની સપ્લાય ચેઈનને કોઈપણ અવરોધ વગર ચાલુ રાખવાનો છે. ખાસ કરીને એવા દેશો પર નિર્ભરતા ઘટાડવાનો છે જે આ એલાયન્સનો હિસ્સો નથી. જોકે કરારમાં કોઈ દેશનું નામ લેવામાં આવ્યું નથી, પરંતુ સ્પષ્ટ છે કે આ ઈશારો ચીન તરફ છે. પાકિસ્તાન પણ આ ગ્રુપમાં સામેલ નથી.

ભારત અને અમેરિકા ઉપરાંત આ એલાયન્સમાં ઓસ્ટ્રેલિયા, ગ્રીસ, ઈઝરાયેલ, જાપાન, કતાર, દક્ષિણ કોરિયા, સિંગાપોર, બ્રિટન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા દેશો સામેલ છે. આ દેશો સાથે મળીને ગ્લોબલ ટેક ઈકોસિસ્ટમ તૈયાર કરશે. પાંચ દિવસીય AI સમિટના છેલ્લા દિવસે આ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં વિશ્વભરના ટેક લીડર્સ અને ૬૦૦ જેટલા સ્ટાર્ટઅપ્સ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "દુનિયાને ભારત પર ભરોસો છે. આપણી પાસે મોટું ટેલેન્ટ પૂલ અને વિશ્વસનીય વિદેશ નીતિ છે. Pax Silica સંગઠન સેમિકન્ડકટર સપ્લાય ચેઈન, મેન્યુફેક્ચરિંગ અને ચિપ ડિઝાઈન માટે અત્યંત મહત્વનું છે."

૧૦ પ્લાન્ટ તૈયારઃ ભારતમાં ૧૦ સેમિકન્ડકટર પ્લાન્ટ તૈયાર થઈ ચૂક્યા છે અને ટૂંક સમયમાં ઉત્પાદન શરૂ થશે.

એડવાન્સ ટેકનોલોજીઃ હાલમાં ભારતમાં અત્યંત એડવાન્સ 'નેનોમીટર ચિપ્સ' ડિઝાઈન કરવામાં આવી રહી છે.

ફ્રી સોસાયટીઃ અમેરિકન રાજદૂત સેર્જિયો ગોરે ભારતનું સ્વાગત કરતા કહ્યું કે આ કરાર મુક્ત સમાજ અને અવિરત સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરશે.

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ પણ આ સમિટમાં હાજર હતા. તેમણે કહ્યું કે ભવિષ્યમાં AI ખૂબ જ મહત્વપૂર્ણ છે અને ભારત-અમેરિકા વચ્ચેનો આ કરાર છેંનો લાભ દરેક સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. ગૂગલ આ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સેતુ બનવા બદલ ગર્વ અનુભવે છે.

### ઝડપાયું 3 કરોડનું સાયબર ફ્રોડ રેકેટ

# તમારું બેન્ક એકાઉન્ટ ભાડે આપતા પહેલાં સો વાર વિચારજો

### શંકાસ્પદ બેન્ક એકાઉન્ટની તપાસ કરતા સાઈબર ટોળકીના ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી

વલસાડ, તા.૨૦

આપનું બેન્ક એકાઉન્ટ જાણે અજાણે કોઈ અન્યને વાપરવા આપતા હોય તો ચેતી જજો.. ક્યાંક આપની આ ભૂલ આપને ભારે પડી શકે છે. વલસાડ જિલ્લા પોલીસે ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત વલસાડ જિલ્લાના બેક્ક એકાઉન્ટની તપાસ કરી સાઈબર ફ્રોડ આચરતી ટોળકીનાનું એક મસ મોટું રેકેટ ઝડપી પાડ્યું છે. વલસાડ જિલ્લા પોલીસે સમગ્ર જિલ્લાના શંકાસ્પદ બેક્ક એકાઉન્ટની તપાસ કરી સાઈબર ટોળકીના ૨ આરોપીઓની ધરપકડ કરી કુલ ૩ કરોડથી વધુનું મસ મોટું સાયબર ફ્રોડ રેકેટ ઝડપી પાડ્યું છે. પોલીસની આગામી તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

આજના ડિજિટલ યુગમાં મોટેભાગે હવે લોકો ઓનલાઈન મની ટ્રાન્સફર અને ઓનલાઈન બેક્કિંગ વ્યવહાર કરે છે .આમ વધતા જતા સોશિયલ મીડિયા અને મોબાઈલ ના ઉપયોગને કારણે હવે ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા ઠગો પણ આધુનિક બની રહ્યા છે અને હવે ઓનલાઈન જ સાયબર ફ્રોડ આચરી લોકોની સાથે હજારો લાખો કરોડોની સાઈબર ઠગાઈ આચરતા હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. વલસાડ સાઈબર કરાઈમ પોલીસ દ્વારા જિલ્લામાં સાયબર ફ્રોડના રેકેટના મૂળ સુધી પહોંચવા પ્રયાસ કર્યો અને આખરે વલસાડ જિલ્લા પોલીસને સફળતા મળી હતી અને થોડા સમય અગાઉ જ અયુબ કાદિર શેખ નામના એક આરોપીની ધરપકડ કરી તેની પૂછપરછમાં જિલ્લામાં ચાલતા મસ મોટા સાયબર ક્રાઈમ ના રેકેટનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. અને જિલ્લામાં લોકોને વિશ્વાસમા લઈ મોટું કમિશન ની લાલચ આપી લોકોના બેક્ક એકાઉન્ટ ભાડે લઈ અને તેમાં લાખો કરોડો રૂપિયા ના ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો કરી અને મસ મોટું કૌભાંડ આચરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે કાદિરની ધરપકડ બાદ વધુ ૨ આરોપીઓની ધરપકડ કરી છે.

વલસાડ સાઈબર પોલીસની તપાસમાં બહાર આવ્યુ છે કે આરોપી મીતેશ અલગ અલગ લોકો પાસેથી કમિશન ની લાલચ આપી બેંકના એકાઉન્ટો મેળવી અને સુરત રહેતા તુષાર બાબુભાઈ ઘંટાળા નામના વ્યક્તિને ભાડે આપી અને ત્યાંથી મોટું કમિશન મેળવતો હતો .ત્યારબાદ તુષાર બાબુ ઘંટાળા ની પણ અટકાયત કરવામાં આવી હતી અને આ તપાસમાં બહાર આવ્યું કે તુષાર મિતેશ પાસેથી એકાઉન્ટ મેળવી અને દુબઈ રહેતા મુખ્ય સૂત્રધાર મિલન દરજી નામના માણસને આપતો હતો અને આ મિલન દરજી સાયબર ફ્રોડ ના રૂપિયા સગેવગે કરવા માટે આવા એકાઉન્ટોને નો ઉપયોગ કરતો હતો.


આથી પોલીસે હવે આ કૌભાંડમાં મિલન ઉર્ફે મિલો ઉર્ફે કાનો શીવાય ઉર્ફે જોની ઉર્ફે લાલો સુરેશ વાઘેલા નામના આરોપીને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપવા પ્રયાસો હાથ ધર્યા છે.. આરોપીઓ આ સાઈબરફ્રોડ મ્યુલ એકાઉન્ટ થી ચલાવી રહ્યા હતા. પોલીસની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ અત્યાર સુધી ૩.૮ કરોડ થી વધુ રૂપિયાનું સાઈબર કૌભાંડ્યું આચર્યું હોવાનું ખુલાસો થઈ રહ્યો છે. પોલીસ પાસેથી જ સાંભળો શું છે આ મ્યુલ એકાઉન્ટ.

આપનું પણ કોઈ બેન્ક એકાઉન્ટ આપે જો કોઈ મિત્ર સ્વજન કે પરિચિત ને કમિશનની લાલચે ભાડે આપ્યું હોય તો સાવધાન થઈ જજો. ક્યારેક આપની આ કમિશનની લાલચ આપને ભારે પડી શકે છે.. અને આવા સાયબર ફ્રોડ નો ભોગ બની આ રેકેટ માં આપ પણ આરોપી સાબિત થઈ શકો છો.. અને આપની આવી ગંભીર ભૂલ આપના અને પરિવાર માટે પણ મોટી મુસીબત ઉભી કરી શકે છે. ત્યારે વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસની આગામી તપાસમાં અનેક ચોંકાવનાર ખુલાસા થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

### પૂ. સર્વમંગલદાસજી સ્વામીના વ્યાસાસને સંગીતમય

# બાબરાના શ્રી સ્વામીનારાયણ મંદિરે દેવોના તૃતીય પાટોત્સવ પ્રસંગે 'હરિચરિત્રમ' કથાનો પ્રારંભ

### વિવિધ ધાર્મિક મહોત્સવોની ઉજવણી કરવામાં આવશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

ગઢપુર તાબા હેઠળના બાબરા સ્થિત ગોપીનાથજી દેવમંદિર સ્વામિનારાયણ મંદિર ખાતે બિરાજતા દેવોના તૃતીય વાર્ષિક પાટોત્સવ નિમિત્તે દિવ્ય 'હરિચરિત્રમ' કથાનું મંગળ આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલ આ સત્સંગ મહોત્સવ આગામી ૨૨ ફેબ્રુઆરી સુધી ચાલશે, જેમાં દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન ભાવિકો ભગવાન હરિની દિવ્ય લીલાઓનું શ્રવણ કરી રહ્યા છે. આ કથાના વ્યાસાસને પરમ પૂજય સર્વમંગલદાસજી સ્વામી બિરાજીને પોતાની સુમધુર અને સંગીતમય શૈલીમાં હરિભકતોને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે.

પાંચ દિવસીય આ મહોત્સવ દરમિયાન અનેકવિધ ધાર્મિક ઉત્સવોની હારમાળા સર્જાશે, જેમાં હરિ પ્રાગટ્ય મહોત્સવ, ભવ્ય અન્નકૂટ દર્શન, ઠાકોરજીનો સૂકામેવા દ્વારા દિવ્ય અભિષેક તેમજ સમૂહ મહાપૂજા અને મહાપ્રસાદ જેવા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે પૂજય ભકિતસંભવદાસજી સ્વામી તથા પૂજય મોહનપ્રસાદદાસજી સ્વામી સહિતના સંતો–મહંતો ઉપસ્થિત રહી ભકતોને આશીર્વચન પાઠવશે. બાબરા તેમજ આસપાસના વિસ્તારના સમસ્ત હરિભકતોમાં આ પાટોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### ટ્રેનના ભાડામાં ૫%થી ૧૨% સુધીનો ઘટાડો થશે

# રેલવેએ ૧૦ ટ્રેનનો સુપર ફાસ્ટ દરજ્જો છીનવ્યો, હવે ભાડું પણ ઘટશે

### ભારતીય રેલવે બોર્ડે સંસદીય સમિતિની ફટકાર બાદ એક મોટો નિર્ણય લેતા ૧૦ પ્રખ્યાત ટ્રેનો પાસેથી સુપરફાસ્ટનો દરજ્જો પાછો ખેંચી લીધો છે

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય રેલવે બોર્ડે સંસદીય સમિતિની ફટકાર બાદ એક મોટો નિર્ણય લેતા ૧૦ પ્રખ્યાત ટ્રેનો પાસેથી સુપરફાસ્ટનો દરજ્જો પાછો ખેંચી લીધો છે. ઓડિટમાં બહાર આવ્યું છે કે, આ ટ્રેનો કાગળ પર તો સુપરફાસ્ટ હતી, પરંતુ હકીકતમાં તે રેલવેના નિર્ધારિત માપદંડ મુજબ ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની સરેરાશ ઝડપ જાળવી શકતી ન હતી. હવે આ ટ્રેનો પાટા પર સામાન્ય મેલ-એક્સપ્રેસ તરીકે દોડશે. આ ફેરફારને કારણે મુસાફરોને આર્થિક રાહત મળશે, કારણ કે સુપરફાસ્ટ સરચાર્જ નાબૂદ થતા ટ્રેનના ભાડામાં ૫%થી ૧૨% સુધીનો ઘટાડો થશે.

ભાડામાં કેટલી રાહત મળશે?

સુપરફાસ્ટ સરચાર્જ હટવાને કારણે ૧૩ એપ્રિલથી ટિકિટના દરોમાં નીચે મુજબ ઘટાડો જોવા મળશેઃ

જનરલ ક્લાસઃ ભાડામાં ૧૫ રૂપિયા (૧૦-૧૨%)નો ઘટાડો.

સ્લીપર ક્લાસઃ ૩૦ રૂપિયા (૮%)નો ઘટાડો.

AC-2 અને AC-3: ૪૫ રૂપિયા (૪%)નો ઘટાડો.

AC-1: ૭૩ રૂપિયા સુધીનો ઘટાડો.

જોકે, ભાડું ઘટવાની સાથે એક ગેરફાયદો એ પણ થશે કે આ ટ્રેનોને ટ્રેક પર મળતી પ્રાથમિકતા હવે નહીં મળે, જેના કારણે મુસાફરીના સમયમાં વધારો થઈ શકે છે.

આ ટ્રેનો હવે સુપરફાસ્ટ નહીં ગણાય

રેલવે દ્વારા જે ટ્રેનોનો દરજ્જો ઘટાડવામાં આવ્યો છે તેમાં મુખ્યત્વે નીચેની ટ્રેનો સામેલ છે.

- પ્રયાગરાજ રામબાગ - હાવડા, વિભૂતિ એક્સપ્રેસ
- હાવડા - પ્રયાગરાજ રામબાગ, વિભૂતિ એક્સપ્રેસ
- હાવડા - કાલકા, નેતાજી એક્સપ્રેસ
- કાલકા - હાવડા, નેતાજી એક્સપ્રેસ
- હાવડા - દેહરાદૂન, ઉપાસના એક્સપ્રેસ
- દેહરાદૂન - હાવડા, ઉપાસના એક્સપ્રેસ
- હાવડા - દેહરાદૂન, કુંભ એક્સપ્રેસ
- દેહરાદૂન - હાવડા, કુંભ એક્સપ્રેસ
- હાવડા - જમ્મુતવી, હિમગિરી એક્સપ્રેસ
- જમ્મુતવી - હાવડા, હિમગિરી એક્સપ્રેસ

સંસદની પબ્લિક એકાઉન્ટ્સ કમિટી (PAC) એ રેલવે પર આરોપ લગાવ્યો હતો કે તે નિર્ધારિત ઝડપ વિના જ મુસાફરો પાસેથી સુપરફાસ્ટ સરચાર્જ વસૂલી રહી છે. આ દબાણ બાદ રેલવે બોર્ડ હવે વર્ષ ૨૦૨૬ના નવા ટાઈમ ટેબલ માટે અન્ય ૯૦૦ ટ્રેનોના સુપરફાસ્ટ સ્ટાન્ડર્ડની સમીક્ષા કરી રહ્યું છે. જો તે ટ્રેનો પણ ઝડપના માપદંડમાં ખરી નહીં ઉતરે, તો આગામી સમયમાં વધુ ટ્રેનોના ભાડામાં ઘટાડો થઈ શકે છે.

### દિલ્હીમાં રાહુલ ગાંધી-મલ્લિકાર્જુન ખડગે સાથે બેઠક

# ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની દિલ્હીમાં બેઠક

### મુકુલ વાસનિક અને કે.સી. વેણુગોપાલ સહિત અમિત ચાવડા, તુષાર ચૌધરી, શક્તિસિંહ ગોહિલે ભાગ લીધો

નવી દિલ્હી, તા.૨૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોંગ્રેસે 'મિશન ગુજરાત'ને નવી દિશા આપવા દિલ્હીમાં મહત્વપૂર્ણ મનોમંથન બેઠક યોજી હતી. જે બેઠકમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, મુકુલ વાસનિક અને કે.સી. વેણુગોપાલ સહિત અમિત ચાવડા, તુષાર ચૌધરી, શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, પરેશ ધાનાણીએ પણ ભાગ લીધો હતો. ત્યારે કેન્દ્રીય નેતૃત્વ અને રાજ્યના અગ્રણી નેતાઓ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠનની સ્થિતિ અને આગામી ચૂંટણી માટેની વ્યૂહરચના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, આ બેઠકમાં સૌથી વધુ ભાર સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીમાં મજબૂત અને સંકલિત પ્રદર્શન પર મૂકાયો હતો. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં કોંગ્રેસની સ્થિતિ અને સંગઠનાત્મક પડકારો અંગે ઊંડી ચર્ચા થઈ હતી. તાલુકા અને જિલ્લા સ્તરે કાર્યકરોને ફરી સક્રિય બનાવવા, જૂથવાદ દૂર કરવા અને સંદેશાવ્યવહાર વધુ અસરકારક બનાવવા માટે ચોક્કસ માર્ગદર્શિકા તૈયાર કરવાની દિશામાં ચર્ચા આગળ વધી હતી.

નોંધનીય છે કે, તાજેતરમાં ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે અમિત ચાવડાની નિમણૂક બાદ નવા સંગઠન માળખા અંગે પણ વિસ્તૃત વિચારવિમર્શ થયો હતો. જિલ્લા અને શહેર એકમોની પુનઃરચના, યુવા અને મહિલા મોરચાને સશક્ત બનાવવાની યોજનાઓ અને તળિયાના સ્તરે પાર્ટીની હાજરી મજબૂત કરવાની આવશ્યકતા પર નેતૃત્વે ભાર મૂક્યો હતો. ત્યારે હાલ 'મિશન ગુજરાત'ને માત્ર નારાથી આગળ લઈ જઈ કાર્યરત આયોજનમાં ફેરવવા માટે જવાબદારીઓ સ્પષ્ટ રીતે વહેંચવાની સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દિલ્હીમાં યોજાયેલી આ બેઠક દરમિયાન આગામી મહિનાઓમાં રાજ્યવ્યાપી કાર્યક્રમો, જનસંપર્ક અભિયાન અને મુદ્દાવાર આંદોલન અંગે પણ ચર્ચા થઈ હતી. મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોના પ્રશ્નો અને સ્થાનિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને જનઆંદોલન ઊભું કરવાની વ્યૂહરચના પર નેતાઓએ સહમતિ વ્યક્ત કરી હતી.

ઉપરાંત કેન્દ્રીય નેતૃત્વે રાજ્યના નેતાઓને સંકલિત રીતે કામ કરવા અને આંતરિક મતભેદો દૂર રાખવા સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. ત્યારે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને એકજૂથ રહી લડત આપવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. આમ દિલ્હીમાં થયેલું આ મનોમંથન ગુજરાત કોંગ્રેસ માટે દિશાનિર્દેશક સાબિત થાય છે કે નહીં, તે તો આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે, પરંતુ 'મિશન ગુજરાત'ને નવી ગતિ આપવા માટે સંગઠન મજબૂત બનાવવાની તૈયારી હવે ઝડપ પકડે તેવી સંકેત મળી રહ્યા છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) સર્વરોગ નિદાન કેમ્પ તા. ૨૩/૨૪/૨૫/ફેબ્રુઆરી/૨૦૨૬

તમામ પ્રકારના સાંધાના રોગ- જેમકે કમ્મર,ગોઠણ,ખંભા,ડોક,આંગળાનાં વગેરેમાં પીડા,પક્ષઘાત,ચામડીના રોગ,હૃદયરોગ,ડાયાબિટીશ,તમામ પ્રકારનાં તાવ,શરદી,ઉધરસ,ટીબી,સ્ત્રીરોગ,ગર્ભીણી પરિચર્યા,બાળરોગ-બાળવિકાસને લગતાં પ્રશ્નો,રોગપ્રતિકારક શકિત,હરસ-મસા-ભગંદર,ચરબીની ગાંઠો,પાચનને લગતા તમામ રોગો,આંખ-કાન-ગળાનાં રોગ માટે ઉત્તમ આયુર્વેદ સારવાર, મેદસ્વીતા,વંધ્યત્વ,ઓછું વજન,અનિંદ્રા,પેશાબને લગતી ફરીયાદો, માદક દ્રવ્યોમાંથી વ્યસન મુકિત, વગેરે પીડાજનક વ્યાધિઓની સરળ અને સચોટ નિદાન-સારવાર અને માર્ગદર્શન વિનામુલ્યે મળશે.
તો આ ફ્રી કેમ્પનો અવશ્ય લાભ લેશો અને આપને રોજબરોજ સતાવતી નાની-મોટી શારિરીક-માનસિક પીડામાંથી છુટકારો મેળવો.....

વિધ કર્મ દ્વારા તમામ પ્રકારની પીડાનું ૧૦ જ મિનીટમાં નિવારણ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯
દવા તદ્દન ફ્રી


## સુવિધા ઈચ્છતા નાગરિકોએ બાકી વેરા ભરવા જરૂરી

# અમરેલીનાં શહેરીજનો પાસેથી વિવિધ વેરારૂપે પાલિકાને ૧૨.૫૭ કરોડ જેવી અધધ રકમ લેવાની બાકી

## ચીફ ઓફિસરની સુચનાથી વેરાની ઉઘરાણી માટે ટીમો બનાવાઈ

અમરેલી, તા. ૨૦

સરકારે ઓકટ્રોઈ નાબૂદ કર્યા બાદ અમરેલી નગરપાલિકાની સ્થાનિક આવક વેરા ઉપર નિર્ભર છે. ત્યારે સ્થાનિક લોકો પોતાના કરવેરા પાલિકામાં ભરતા ન હોવાના કારણે ૧૨.૫૭ કરોડ જેવી વેરાની બાકી રકમ વસુલવા પાલિકા દ્વારા કડક પગલા ભરી આકરા પાણીએ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. રસ્તા, સફાઈ, પાણી તેમજ લાઈટની સુવિધા લોકોને જોઈએ છે પરંતુ તેના કરવેરા ભરવા નથી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી નગરપાલિકાએ વિકાસની હરણફાળ ભરેલ છે અને વિકાસ કામો સ્થાનિક કરવેરાની આવક ઉપર નિર્ભર છે. શહેરીજનો સુવિધા માટે પાલિકામાં ફરિયાદો કરે છે પરંતુ બાકી વેરો ભરવાની પોતાની ફરજનો ઉલાળિયો કરી રહેલ છે.

નગરજનો પાસે બાકી રૂા. ૧૨.૫૭ કરોડ વસુલવા ચીફ ઓફિસર વિનોદ રાઠોડ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ખાસ વેરા વસૂલાત ઝુંબેશ ઉપાડવામાં આવેલ છે. જેમાં જપ્તી ટીમ દ્વારા ડોર ટુ ડોર સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવી રહેલ છે. બાકીદારોને બિલ નોટિસો આપવા છતાં પણ બાકી વેરો ભરવાની દરકાર નહીં કરનારા બાકીદારોની મિલકતો સીલ કરી જપ્તી કરવામાં આવશે તેમજ નળ જોડાણ પણ કાપી નાખવામાં આવશે. પાલિકા દ્વારા ૪૫૦૦ જેટલા બાકીદારોને આખરી નોટિસ ફટકારી દેવામાં આવેલ છે. હવે

અનુસંધાન પાના ૬ ઉપર


ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફૂલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ઓપન ઈન્ટરવ્યું
જોઈએ છે... જોઈએ છે... જોઈએ છે...
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલીત
હરીબેન ભગવાનજી લાલજી તેજુરા- હરીબા મહિલા કોલેજ-ચલાલા
નીચે મુજબ વિદ્યાશાખા વાઈઝ ભરતી કરવાની હોય તો જાહેરાત આવ્યાથી દિન-૧૦ માં રજીસ્ટર એ.ડી. થી અરજી મોકલવાની રહેશે.
- ગ્રંથપાલ (લાયબ્રેરીયન)
- પી.ટી.આઈ.
- આસિ.પ્રોફેસર - (કોમર્સ/એકાઉન્ટન્સી)
- આસિ.પ્રોફેસર - સમાજશાસ્ત્ર
- આસિ.પ્રોફેસર - અર્થશાસ્ત્ર
- આસિ.પ્રોફેસર - મનોવિજ્ઞાન
- આસિ.પ્રોફેસર - (B.C.A./M.C.A) - - કમ્પ્યુટર સાયન્સ

- લાયકાત (Ph.D., Net/Slet Clear) ધરાવતા ઉમેદવારો એ જ અરજી કરવી.
- પ્રોફેસરની રેગ્યુલર પ્રોફાઈલ ચલાવવામાં આવશે.
- પ્રોફેસરો ને જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી આપવામાં આવશે.
- પ્રોફેસરો ને રહેવા માટે સુંદર વ્યવસ્થા આપવામાં આવશે.
- પ્રોફેસરોના બાળકોને અભ્યાસ માટેની વ્યવસ્થા પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.
- યુનિવર્સિટી/યુ.જી.સી ના નિયમ મુજબ પગાર ધોરણ નકકી કરવામાં આવશે.
- પ્રોફેસરો માટે રૂા.૧૦,૦૦,૦૦૦/-નો વીમો સંસ્થા તરફથી કરી આપવામાં આવશે.
- આ જાહેરાતની તા. ૨૦/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૩/૨૦૨૬ સુધી અરજી કરવી.

મેનેજીંગ ટ્રસ્ટી
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા
હરિબા મહિલા કોલેજ - ચલાલા
ધારી રોડ, મીઠાપુર (ડું.), ચલાલા, તા.ધારી, જી.અમરેલી-૩૬૫૬૩૦
(મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭/૯૪૨૯૮ ૩૮૦૧૭)

naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અધતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,39,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫





શ્રી રાજુભાઈ ભુતૈયા
મહામંત્રી : અમરેલી જિલ્લા ભાજપ

હાર્દિક અભિનંદન

અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી પદે
શ્રી રાજુભાઈ ભુતૈયા ની વરણી થતાં
તેઓ આ જવાબદારી કુનેહથી નિભાવી
પક્ષને વધુ મજબુત-સંગઠીત બનાવવામાં
સફળતાના શીખરો સર કરતા રહે
તેવી અમોની શુભકામનાઓ સહ અભિનંદન.....

શુભેચ્છકશ્રીઓ

વાસુરભાઈ ડેર
સુરજભાઈ ડેર
કુલદીપભાઈ ગરણીયા
રણવીરભાઈ બાખલખીયા
દર્શનભાઈ બાખલખીયા

હાજાભાઈ ડેર
અરવિંદભાઈ ભુતૈયા
જગદીશભાઈ ભુતૈયા
જીતુભાઈ ભુતૈયા
જયેશભાઈ ગરણીયા


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)